# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૦૩ ડિસેમ્બર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ છઠ | અંક : ૧૨૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### અમેરિકાએ કહ્યું- હમાસે યુદ્ધવિરામનો ભંગ કર્યો

# ગાઝાએ ઇઝરાયેલમાં શરૂ કર્યો બોમ્બમારો એક દિવસમાં ૧૭૮ લોકોનાં મોત થયા

**અમેરિકાએ આ બોમ્બનો ઉપયોગ અફઘાનિસ્તાન, ઈરાક અને સીરિયામાં કર્યો છે, હવે ઈઝરાયેલ ગાઝામાં આ બોમ્બનો ઉપયોગ કરવા જઈ રહ્યું છે**

। નવી દિલ્હી, તા.૦૨ ।

મધ્ય પૂર્વમાં ફરી એકવાર યુદ્ધ શરૂ થયું છે. ગયા શુક્રવારથી ગુરુવાર સુધી ચાલેલો યુદ્ધવિરામ આખરે સમાપ્ત થયો અને ગાઝા પટ્ટી પર ફરી એકવાર બોમ્બનો વરસાદ થવા લાગ્યો. શુક્રવારે સવારે યુદ્ધવિરામ સમાપ્ત થયો, ત્યારબાદ ઈઝરાયેલી સેનાએ ગાઝામાં હવાઈ હુમલો શરૂ કર્યો. કતાર સહિતના આંતરરાષ્ટ્રીય સંગઠનો ગાઝા પટ્ટી પર શાસન કરતા ઈઝરાયેલ અને હમાસ સાથે કરાર કરવા માટે કામ કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર માનવતાવાદી આયોગના વડા માર્ટિન ગ્રિફિથે યુદ્ધવિરામની માંગ કરી છે. તેમણે કહ્યું કે ગાઝામાં રહેતા પ ેલેસ્ટાઈનીઓને છુપાવવા માટે કોઈ સ્થાન નથી. હમાસ અને પેલેસ્ટિનિયન ઈસ્લામિક જેહાદે કહ્યું કે તેઓએ તેલ અવીવ,



અશ્દોદ અને અશ્કેલોન સહિત અનેક ઈઝરાયેલ શહેરો પર રોકેટ છોડ્યા. ઈઝરાયેલ-લેબનોન બોર્ડર પર પણ લડાઈ શરૂ થઈ ગઈ છે. ઈઝરાયેલે શુક્રવારથી જ બોમ્બમારો શરૂ કરી દીધો છે. ઈઝરાયેલની સેનાનું કહેવું છે કે હમાસે તેના પ્રદેશ પર રોકેટ ફાયર કરીને સાત દિવસીય યુદ્ધવિરામનો અંત લાવ્યો હતો. ઈઝરાયેલની સેના હવે ધીમે ધીમે ગાઝા પટ્ટીના દક્ષિણી ભાગ તરફ આગળ વધી રહી છે. ગાઝામાં હાજર પેલેસ્ટિનિયન સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું છે કે શુક્રવારે સવારથી શરૂ થયેલા ઈઝરાયેલના બોમ્બમાળાને કારણે ૧૭૮ પ ેલેસ્ટાઈનના મોત થયા છે. આ બોમ્બ ધડાકામાં ૫૮૯ લોકો ઘાયલ પણ થયા હતા. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ સમાપ્ત થયા બાદ યુદ્ધ શરૂ થયું છે. અલજઝીરાના અહેવાલ મુજબ, અમેરિકાએ ઈઝરાયેલને ૧૦૦ 'બંકર-બસ્ટર' બોમ્બ આપ્યા છે, જેમાંથી દરેકનું વજન ૯૦૭ કિલો છે. અમેરિકાએ આ બોમ્બનો ઉપયોગ અફઘાનિસ્તાન, ઈરાક અને સીરિયામાં કર્યો છે. હવે ઈઝરાયેલ ગાઝામાં આ બોમ્બનો ઉપયોગ કરવા જઈ રહ્યું છે. કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ્સએ જણાવ્યું છે કે ૭ ઓક્ટોબરથી ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી ઓછામાં ઓછા ૬૧ પત્રકારોના મોત થયા છે. માર્યા ગયેલા લોકોમાં મોટાભાગના ૫૪ પેલેસ્ટિનિયન પ ત્રકારો છે. આ સિવાય ચાર ઈઝરાયેલ અને ત્રણ લેબનીઝ પ ત્રકારોના પણ મોત થયા છે. સીએનએનના અહેવાલ મુજબ, કતાર, અમેરિકા અને ઈજિપ્તની સલાહ પર, ઈઝરાયેલ અને હમાસ હજુ પણ મહિલા બંધકોને મુક્ત કરવાની વાત કરી રહ્યા છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે હમાસ દ્વારા બંધકોની યાદી મળતાની સાથે જ યુદ્ધવિરામ ફરી શરૂ થઈ શકે છે. ઈઝરાયેલી સેનાએ કહ્યું છે કે તેણે ગાઝામાં હમાસના સ્થાનોને નિશાન બનાવ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### નાસાના ચીફે પણ ભારતના ચંદ્રયાન-૩ની સફળતાની ભારે પ્રશંસા કરી




। નવી દિલ્હી, તા.૨ ।

ભારતના ચંદ્રયાન-૩એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ કરતા ઈતિહાસ રચ્યો હતો અને આ મિશનની સફળતા માટે ભારતને ચારેતરફથી પ્રશંસા મળી રહી છે ત્યારે હવે નાસાના ચીફે પણ આ મિશનની સફળતા માટે ઈસરોની પ્રશંસા કરી છે. ભારતના ચંદ્રયાન-૩ મિશનની સફળતા પર નાસાના ચીફ બિલ નેલ્સને ગઈકાલે મુંબઈમાં મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે ભારતે એવું કામ કર્યું છે જે અન્ય કોઈ દેશે કર્યું નથી અને ભારત આ ઐતિહાસિક સિદ્ધિ માટે સંપૂર્ણ પ્રશંસાને પાત્ર છે. તેમણે કહ્યું કે 'ભારતને મારા અભિનંદન'. તમે ચંદ્રના દક્ષિણ ધ્રુવની આસપાસ ઉતરાણ કરનાર પ્રથમ દેશ છો, અમારી પાસે એક કોમર્શિયલ લેન્ડર હશે જે આવતા વર્ષે ઉતરશે, પ રંતુ અહીં ઉતરનાર ભારત પ હેલું હતું. અન્ય દેશોએ પણ ઘણા પ્રયાસ કર્યા પણ તેઓ નિષ્ફળ રહ્યા હતા, પરંતુ ભારતે સફળતા હાંસલ કરી હતી.

### રવિવારને લીધે મિઝોરમનું પરિણામ ૪ ડિસેમ્બરે જાહેર થશે

। નવી દિલ્હી, તા.૨ ।

પાંચ રાજ્યોની ચૂંટણી માટે મતદાન પૂર્ણ થઈ ગયા બાદ હવે પરિણામની રાહ જોવાઈ રહી છે ત્યારે એક મોટું અપડેટ સામે આવ્યું છે. મિઝોરમ વિધાનસભા ચૂંટણીના પરિણામની તારીખ બદલાઈ ગઈ છે. ચૂંટણી પંચે કહ્યું કે હવે મિઝોરમ વિધાનસભાની મતગણતરી રવિવાર (૩ ડિસેમ્બર)ને બદલે સોમવારે (૪ ડિસેમ્બર) થશે. ચૂંટણી પંચે કહ્યું કે મિઝોરમના લોકો માટે રવિવારનું વિશેષ મહત્વ છે. આ કારણોસર તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઘણા લોકોએ અમને તારીખ બદલવાનું કહ્યું હતું. મિઝોરમની ૪૦ સીટો માટે ૭ નવેમ્બરે મતદાન થયું હતું. અગાઉ મિઝોરમમાં યોજાયેલી ચૂંટણીના પરિણામો પણ રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણામાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામોના દિવસે એટલે કે ૩ ડિસેમ્બરે જાહેર થવાના હતા. ખરેખર ૩જી ડિસેમ્બરે રવિવાર છે.

### નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ આંકડા જાહેર કર્યા

# દેશમાં નવેમ્બરમાં દેશમાં યુપીઆઈ દ્વારા રૂ. ૧૭.૪ ટ્રિલિયનના ટ્રાન્ઝેક્શન

**૨૦૨૭ના નાણાકીય વર્ષ સુધીમાં યુપીઆઈ ટ્રાન્ઝેક્શન રોજના ૧૦૦ કરોડના આંકડાને પાર કરે એવી આશા**

। નવી દિલ્હી, તા.૨ ।

નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, દેશમાં નવેમ્બરમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) એ નવો રેકોર્ડ બનાવ્યો છે. આ ઉપરાંત ફાસ્ટેગ ટ્રાન્ઝેક્શનમાં પણ વધારો થયો છે. ગયા મહિને દેશમાં યુપીઆઈદ્વારા રૂ. ૧૭.૪ ટ્રિલિયનના ટ્રાન્ઝેક્શન થયા હતા. આ ઓક્ટોબરમાં રૂ. ૧૭.૧૬ ટ્રિલિયનના ટ્રાન્ઝેક્શન કરતાં ૧.૪ ટકા વધુ છે. જોકે, આ સમયગાળા દરમિયાન કુલ વ્યવહારોની સંખ્યામાં ૧.૫ ટકાનો ઘટાડો થયો છે. તે




ઓક્ટોબરમાં ૧૧.૪૧ અબજથી ઘટીને ૧૧.૨૪ અબજ થઈ ગયો છે. આના પરથી સમજી શકાય છે કે ટ્રાન્ઝેક્શન દીઠ વધુ પૈસાની લેવડદેવડ કરવામાં આવી હતી. એક એવી પણ આશા રાખવામાં આવે છે કે ૨૦૨૭ના નાણાકીય વર્ષ સુધીમાં યુપીઆઈટ્રાન્ઝેક્શન રોજના ૧૦૦ કરોડના આંકડાને પાર કરી જશે. આવનારા પાંચ વર્ષોમાં દુકાનોમાં ૯૦ ટકા ટ્રાન્ઝેક્શન યુપીઆઈદ્વારા થવાના અનુમાન છે. એનપીસીઆઈના રિપોર્ટ અનુસાર, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે યુપીઆઈટ્રાન્ઝેક્શનમાં ૫૪ ટકાનો વધારો થયો છે સાથે પૈસાની લેવડદેવડમાં પણ ૪૬ ટકાનો વધારો થયો છે. સપ્ટેમ્બર મહિનામાં, ૧૫.૮ ટ્રિલિયન રૂપિયાના ૧૦.૫૬ અબજ વ્યવહારો થયા હતા. જયારે નવેમ્બરમાં ૩૨.૧ કરોડ ફાસ્ટેગ ટ્રાન્ઝેક્શન થયા હતા અને ઓક્ટોબરમાં આ આંકડો ૩૨ કરોડ હતો.

### કોરોના મહામારીને લઈને ચિંતાજનક સમાચાર

# શિયાળાની શરૂઆત સાથે દેશમાં કોરોનાએ માથું ઊંચક્યું, ૮૮ કેસ

**નવા દર્દીઓ વધતા દેશની હોસ્પિટલોમાં સારવાર કરાવી રહેલા દર્દીઓની સંખ્યા વધીને ૩૯૬ થઈ ગઈ**

। નવી દિલ્હી, તા.૦૨ ।

વિશ્વભરમાં તબાહી મચાવનાર કોરોના મહામારી હજુ પણ ચિંતાનો વિષય છે. શિયાળાની શરૂઆત થતાંની સાથે જ ભારતમાં કોરોના સંક્રમણના ૮૮ નવા કેસ નોંધાયા છે. ત્યારે હવે સંક્રમણના વધતા કેસોએ ફરી એક વખત ચિંતા વધારી દીધી છે. એક અહેવાલ પ્રમાણે નવા દર્દીઓની સંખ્યા વધવાની સાથે જ દેશમાં હવે અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર કરાવી રહેલા દર્દીઓની સંખ્યા વધીને ૩૯૬ થઈ ગઈ છે. આજે સવારે ૮:૦૦ વાગ્યે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા અપડેટ કરવામાં આવેલા ડેટા પ્રમાણે દેશમાં કોવિડ-૧૯ને કારણે જીવ ગુમાવનારા લોકોની કુલ સંખ્યા ૫ લાખ ૩૩ હજાર ૩૦૦ છે. જ્યારે



કોરોના વાયરસથી સંક્રમિત થનારા લોકોની કુલ સંખ્યા ૪ કરોડ ૫૦ લાખ ૨ હજાર ૧૦૩ છે. સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ પ્રમાણે સંક્રમણથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યામાં પણ ઝડપથી વધારો થયો છે. કુલ ૪ કરોડ ૪૪ લાખ ૬૮ હજાર ૪૦૭ લોકો સ્વસ્થ થઈને ઘરે પરત ફર્યા છે.

### વિશ્વભરમાં ભૂકંપના આંચકાનો દોર યથાવત

# બાંગ્લાદેશ ૫.૬ અને લદાખમાં ૩.૪૬ની તીવ્રતાનો ભૂકંપ

। નવી દિલ્હી, તા.૨ ।

સતત આવી રહેલા ભૂકંપના સમાચારો હવે સામાન્ય બની ગયા છે. હવે બાંગ્લાદેશ અને લદાખમાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ આ ભૂકંપની જાણકારી આપી છે. બાંગ્લાદેશમાં આજે સવારે ૯ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપના આંચકા પશ્ચિમ બંગાળ સુધી અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૫.૬ આંકવામાં આવી હતી. બીજી તરફ આજે સવારે ૮:૨૫ વાગ્યે લદાખમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૪ આંકવામાં આવી હતી. રાહતની વાત એ છે કે આ ભૂકંપ ના કારણે કોઈ જાનહાનિના નુકશાનની સૂચના નથી મળી. બાંગ્લાદેશમાં આવેલા ભૂકંપના આંચકા પશ્ચિમ બંગાળના વિવિધ ભાગોમાં પણ અનુભવાયા હતા.

### તેલંગણામાં ચૂંટણીની વચ્ચે આંધ્ર સાથે પામીનો વિવાદ

# આંધ્રએ પીવા માટે નાગાર્જુન સાગર ડેમમાંથી પાણી છોડ્યું

**આંધ્રપ્રદેશ અને તેલંગાણા વચ્ચેની સમજૂતી અનુસાર જ અમારા હિસ્સાનું પાણી લીધું હોવાનો આંધ્રનો દાવો**

। હૈદ્રાબાદ, તા.૨ ।

તેલંગાણામાં વિધાનસભા માટે મતદાન પૂર્ણ થઈ ગયું છે. જોકે આ દરમિયાન જ આંધ્રપ્રદેશ અને તેલંગાણા વચ્ચે પીવાના પાણીનો મુદ્દો ગરમાયો હતો. માહિતી અનુસાર આંધ્રપ્રદેશે નાગાર્જુન સાગર ડેમ પર કબજો કરી લઈને પાણી છોડવાની શરૂઆત કરી દીધી હતી જેના પગલે બંને રાજ્યો વચ્ચે મામલો બીચક્યો હતો. માહિતી અનુસાર મોડી રાતે ૨ વાગ્યે ગુરુવારે જ્યારે તેલંગાણાના મોટાભાગના અધિકારીઓ ચૂંટણીની તૈયારીઓમાં મતદાન મથકો પર વ્યસ્ત હતા ત્યારે આંધ્રપ્રદેશના લગભગ ૭૦૦ જેટલાં પોલીસ કર્મચારીઓ નાગાર્જુન સાગર ડેમ પર ધસી આવ્યા હતા અને આ દરમિયાન તેમણે જમણી બાજુની કેનાલનો દરવાજો ખોલીને કૃષ્ણા નદીમાંથી દર કલાકે ૫૦૦ ક્યૂસેક જેટલું પાણી છોડ્યું હતું.







# અમદાવાદમાં ગુજરાત જાયન્ટસનો તેલુગુ ટાઈટન્સ સામે મુકાબલો

## બાર શહેરોમાં બે ડિસેમ્બરથી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાનારી સ્પર્ધાની ૧૦મી સિઝનનું અમદાવાદમાં ઉદ્ઘાટન

। અમદાવાદ, તા.૨ ।

પ્રો કબડ્ડી લીગની ૧૦મી સિરિઝ સુધી પહોંચવાની ઐતિહાસિક સફળતાના ભાગરૂપે અમદાવાદમાં અક્ષર રિવર ક્રૂઝ પર ભવ્ય ઉજવણી સાથે સીઝન ૧૦ની શરૂઆત કરી હતી. પ્રો કબડ્ડી લીગ, સ્પોર્ટ્સ લીગના હેડ તથા મશાલ સ્પોર્ટ્સ એન્ડ લીગ કમિશનર અનુપમ ગોસ્વામીએ પીકેએલસિઝન ૯-નીવિજેતા ટીમના કેપ્ટન સુનિલ કુમાર (જયપુર પિંક પેન્થર્સ) અને સીઝન ૧૦ની ઓપનિંગ ગેમ કેપ્ટન પવન સેહરાવત (તેલુગુ ટાઈટન્સ) અને ફઝલ અત્રાચાલી (ગુજરાત જાયન્ટ્સ) સાથે સ્પેશિયલ સીઝનનું ઉદ્ઘાટન કર્યુ હતું. સાબરમતી નદી પર ચાલુ ક્રુઝ પર યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં અનુપમ ગોસ્વામીએ જણાવ્યુ હતું કે, “સિઝન ૧૦ માટે ૧૨-શહેરોના કારવાં ફોર્મેટમાં પાછા જવું એ નોંધનીય માઈલસ્ટોન છે. અમે ઓછામાં ઓછા નવ ભૌગોલિક વિસ્તારોને ફરીથી સક્રિય કરીશું, જેઓએ ૨૦૧૯થી પ્રો કબડ્ડી લીગ પોતાના પ્રદેશમાં જોઈ નથી. ૧૨ શહેરોમાં લીગનું આયોજન કરવાથી લીગને દરેક ફ્રેન્ચાઈઝીના ગૃહ પ્રદેશોમાં સમુદાયો સાથે મજબૂત સંબંધ સ્થાપવામાં મદદ મળે છે.” શનિવારે ટ્રાન્સસ્ટેડિયા દ્વારા ઈકેએરેના ખાતે પીકેએલસીઝન ૧૦ની બ્લોકબસ્ટર ઓપનિંગ ગેમમાં ગુજરાત જાયન્ટ્સ તેલુગુ ટાઈટન્સ સામે ટકરાશે. તેલુગુ ટાઈટન્સના કેપ્ટન અને પ્રો કબડ્ડી લીગના ઈતિહાસમાં સૌથી મોંઘા ખેલાડી પવન સેહરાવતે જણાવ્યુ હતું કે, તેમની ટીમ આ લીગનું ઓપનિંગ કરવા તૈયાર છે, હું મેટ પર લડવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. છેલ્લી સીઝનમાં હારનો સામનો કરવો મારા માટે મુશ્કેલ હતો. જો કે, મેં આ સીઝન માટે ભરપૂર તૈયારીઓ કરી છે પ્રો કબડ્ડી લીગના સૌથી મોંઘા ડિફેન્ડર અને ગુજરાત જાયન્ટ્સના કેપ્ટન ફઝલ અત્રાચલીએ કહ્યું, હું પ્રો કબડ્ડી લીગ સીઝન ૧૦નો ભાગ બનવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. આ વિશ્વની શ્રેષ્ઠ કબડ્ડી ટૂર્નામેન્ટ છે. અમે સિઝન શરૂ થવાની રાહ જોઈ રહ્યા હતા. ગત સીઝનમાં પ્રો કબડ્ડી લીગની ટ્રોફી જીતનાર જયપુર પિંક પેન્થર્સના ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે સિઝન ૧૦માં વિશે જયપુર પિંક પેન્થર્સના કેપ્ટન સુનીલ કુમારે કહ્યું કે, આ ટ્રોફી અત્યારે અમારી છે અને તે અમારી સાથે રહે, તેની ખાતરી કરવી પડશે. અમે આ સિઝન માટે વધુ આકરી ટ્રેનિંગ લીધી છે. અમે ગતવર્ષે જોરદાર પ્લેયર કોમ્બિનેશન કર્યું હતું અને આ વર્ષે પણ એ જ જુસ્સા અને ટ્રીક સાથે પ ર્ફોર્મન્સ આપીશું. અમે ટુર્નામેન્ટ માટે ઘણી સારી તૈયારી કરી છે.

પ્રો કબડ્ડી લીગ સીઝન ૧૦નું ટાઈમટેબલ

અમદાવાદ લીગ ૨-૭ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન રમાશે. ત્યારબાદ, બેંગલુરુ (૮-૧૩ ડિસેમ્બર ૨૦૨૩), પુણે (૧૫-૨૦ ડિસેમ્બર ૨૦૨૩), ચેન્નાઈ (૨૨-૨૭ ડિસેમ્બર ૨૦૨૩), નોઈડા (૨૯ ડિસેમ્બર ૨૦૨૩ - ૩ જાન્યુઆરી ૨૦૨૪), મુંબઈ (૫-૧૦ જાન્યુઆરી ૨૦૨૪), જયપુર (૧૨-૧૭ જાન્યુઆરી ૨૦૨૪), હૈદરાબાદ (૧૯-૨૪ જાન્યુઆરી ૨૦૨૪), પટના (૨૬- ૩૧ જાન્યુઆરી ૨૦૨૪), દિલ્હી (૨-૭ ફેબ્રુઆરી ૨૦૨૪), કોલકાતા (૯-૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪) અને પંચકુલા (૧૬-૨૧ ફેબ્રુઆરી) ખાતે મેચ યોજાશે.

### ન્યૂઝ બ્રિફ

## રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલમાં આરોગ્ય વિભાગે તપાસ હાથ ધરી

। રાજકોટ ,તા.૨ ।

રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલમાં આરોગ્ય વિભાગે તપાસ હાથ ધરી છે. હોસ્પિટલમાં મા-અમૃતમ કાર્ડ અંતર્ગત અપાતી સારવાર અને દર્દીઓના બિલને લઈને પણ તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ ગાંધીનગર અને રાજકોટના આરોગ્ય વિભાગની ટીમે હાથ તપાસ ધરી છે. રાજ્યમાં અવારનવાર બોગસ બિલિંગના કૌભાંડ બહાર આવતા હોય છે. તો રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલમાં આરોગ્ય વિભાગે તપાસ હાથ ધરી છે. હોસ્પિટલમાં મા-અમૃતમ કાર્ડ અંતર્ગત અપાતી સારવાર અને દર્દીઓના બિલને લઈને પણ તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ ગાંધીનગર અને રાજકોટના આરોગ્ય વિભાગની ટીમે હાથ તપાસ ધરી છે. તો ગતરોજ બોગસ બિલીંગ સહિતના મુદ્દે તપાસ કરી હતી. તેમજ એક બે દિવસમાં રિપોર્ટના આધારે કાર્યવાહી થઈ શકે છે. તો આ અગાઉ આયુષ્યમાન યોજનામાં ગેરરીતિ રોકવા રાજય સરકાર સક્રિય થઈ હતી.લાભાર્થીઓ સાથે ગેરરીતિ ન થાય તે માટે સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ દ્વારા પોલિસી વર્ષ-૭ અને ૮ દરમિયાન અમદાવાદની હોસ્પિટલોમાં તપાસ કરવામાં આવી હતી. જયાં ગેરરીતિ બદલ જિલ્લાની ૯ હોસ્પિટલને સસ્પેન્ડ અને એક હોસ્પિટલને બ્લેકલિસ્ટ કરવામાં આવી હતી.

## આણંદના વિઝા એજન્ટે ઇંગ્લેન્ડના નકલી વિઝા બનાવી ૮.૫૦ લાખ પડાવ્યા

। આણંદ,તા.૨ ।

વિદેશ જવાનો મોહ ક્યારેય ખૂબ જ ભારે પડતો હોય છે. આવી જ એક ઘટના આણંદથી સામે આવી છે. વાત જાણે એમ છે કે, વિદેશ જવાની ઘેલછામાં આણંદના યુવાને લાખો રૂપિયા ગુમાવ્યા છે. વિગતો મુજબ આણંદના વિઝા એજન્ટે ઈંગ્લેન્ડના નકલી વિઝા બનાવી યુવક પાસેથી ૮.૫૦ લાખ પડાવ્યા હોવાનું સામે આવ્યું છે. આ તરફ વિદેશ જવાના મોહમાં લાખોની છેતરપિંડીનો ભોગ બનેલ યુવકને હવે રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. આણંદની નેક્સ્ટ ડેસ્ટિનેશન કન્સલ્ટન્સી દ્વારા એક યુવાન સાથે લાખોની છેતરપિંડી કરાઈ છે. પ્રાથમિક વિગતો મુજબ વિરસદના યુવકે વિદેશ જવાની લાલચમાં નેક્સ્ટ ડેસ્ટિનેશન કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યા બાદ તેમની વાતોમાં આવી ગયો હતો. જે બાદમાં આ યુવકને UKના બોગસ વિઝા પધરાવી ૮.૫૦ લાખની ઠગાઈ કરાઈ હતી.



જર્મનીના ફ્રેન્કફર્ટ નજીક વૃષભ પ્રદેશના જંગલમાં કાર એક વળાંકની આસપાસ ફરે છે.

### અમદાવાદના રસ્તા પર ફરી હિટ એન્ડ રનની ઘટના

## આઈસરે બાઈકને ટક્કર મારતા એક વ્યક્તિનું મોત થયું, જ્યારે એક વ્યક્તિ ગંભીર

### અમદાવાદ ગ્રામીણના હાથીજણ પાસે આવે પુષ્પક સિટી પાસે એક હિટ એન્ડ રનની ઘટના બનવા પામી હતી

। અમદાવાદ,તા.૨ ।

અમદાવાદના હાથીજણ પાસે હિટ એન્ડ રનની ઘટના બની...આઈસરે બાઈકને ટક્કર મારતા એક વ્યક્તિનું મોત થયું...જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો...પ ોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી... અમદાવાદના રસ્તાઓ પર ફરીથી મોટા વાહનો માતેલા સાંઢની જેમ દોડી રહ્યાં છે. અમદાવાદમાં ફરી એકવાર હિટ એન્ડ રનનો બનાવ બન્યો છે. અમદાવાદના હાથીજણ પાસે હિટ એન્ડ રનના બનાવમાં બે લોકોનું કમકમાટીભર્યું મોત નિપજ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુરુવારે રાત્રે ૧૧.૦૦ કલાકે અમદાવાદ ગ્રામીણના હાથીજણ પાસે આવે પુષ્પક સિટી પાસે એક હિટ એન્ડ રનની ઘટના બની. જેમાં પૂરપાટ જતા આઈસરે બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોહમ્મદ ખાન ઝાકીર પઠાણ નામના શખ્સનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે. તો બીજો વ્યક્તિ કિશનસિંહ વાઘેલાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.

### પાટણમાંથી શંકાસ્પદ સિરપનો જથ્થો ઝડપાયો

## સમીના અનવરપુરામાંથી સિરપ નો શંકાસ્પદ જથ્થો ઝડપી લેવાયો

। પાટણ,તા.૨ ।

પાટણમાંથી શંકાસ્પદ સિરપનો જથ્થો ઝડપાયો છે. પોલીસે સમી તાલુકાના અનવરપુરા વિસ્તારમાંથી શંકાસ્પદ સિરપનો જથ્થો કબ્જે કરીને એક શખ્શની પુછપરછ શરુ કરી છે. જથ્થાનુ પરીક્ષણ કરવા માટે સેમ્પલ લઈને તે અંગેની કાર્યવાહી શરુ કરવામાં આવી છે. જો જથ્થામાં કંઈક વાંધાજનક હોવાનુ રિપોર્ટમાં સામે આવશે તો આગળની કાર્યવાહી હાથ ધરાશે.શંકાસ્પદ સિરપને લઈ હવે રાજ્યમાં તંત્રએ ચારે બાજુ સતર્કતા દાખવવી શરુ કરી છે. આ દરમિયાન પાટણ પોલીસે સમીમાંથી શંકાસ્પદ સિરપનો જથ્થો જપ્ત કરીને કાર્યવાહી કરી છે. પોલીસે શંકાસ્પદ સિરપના જથ્થા સાથે એક સખ્શની અટકાયત કરી છે અને જેની પૂછપરછ સિરપ અંગે શરુ કરવામાં આવી છે.પોલીસે ૫૩૦૦ જેટલી બોટલોને કબ્જે કરી છે. જેની કિંમત ૭.૩૨ લાખ રુપિયા અંદાજવામાં આવી છે. સિરપ અંગે પ્રાથમિક તપાસ શરુ કરવા સાથે તેને પરિક્ષણ કરવા માટે સેમ્પલ લઈને મોકલવામાં આવ્યા છે. સિરપમાં કોઈ વાંધજનક ચિજો સામે આવશે, રિપોર્ટ આધારે કાર્યવાહી કરવામાં આવશે.

## મોતથી પરિવારમાં માતમ, પાલિતાણાના ૨૯ વર્ષિય યુવકનું હાર્ટ એટેકથી મોત

### શિયાળાની ઋતુમાં એવા ફળ ખાવા જોઈએ, જે શરીરને ગરમી પ્રદાન કરે, આવા ખોરાકથી શિયાળામાં બીમારીથી બચી શકાય છે

। ભાવનગર,તા.૨ ।

ભાવનગરમાં વધુ એક યુવકનું હાર્ટ એટેકથી મોત થયુ છે. લગ્નના થોડા દિવસ પહેલા જ મોત થતા પ રિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. પાલિતાણાના ૨૯ વર્ષિય યુવકને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. જેમા તેનુ સારવાર દરમિયાન મોત થયુ હતુ. રાજ્યમાં હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત છે. ભાવનગરમાં વધુ એક યુવકનું હાર્ટ એટેકથી મોત થયું છે.થોડા દિવસ બાદ જ યુવકના લગ્ન લેવાવાના હતા. એ પહેલા જ હાર્ટએટેકથી મૃત્યુ થયુ છે. યુવકના લગ્નને બદલે ઘરેથી અર્થી ઉઠતા પરિવારજનોમાં માતમ છવાયો છે. ભાવનગરના પાલિતાણાના ૨૯ વર્ષીય યુવકને અચાનક છાતીમાં દુઃખાવો ઉપ ડ્યો હતો. આથી સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. પ રંતુ યુવકને સારવાર મળે તે પહેલા જ દમ તોડ્યો હતો. લગ્નના થોડા દિવસ પહેલા જ યુવકનું અણધાર્યું મોત થતાં પરિવાર સહિત સમગ્ર ગામમાં માતમ છવાયો છે. આ તરફ જામનગરમાં પણ જાણીતી ફરસાણ પેઢીના માલિકના પુત્રનું હાર્ટ એટેકથી મોત થયુ છે. યુવક અચાનક દુકાનમાં ઢળી પડ્યા બાદ મોત થયુ હતુ. જૈન વિજય ફરસાણાના માલિકના ૨૪ વર્ષિય પુત્રનું હાર્ટએટેકથી મોત થયુ છે. આ તરફ જામનગરમાં પણ જાણીતી ફરસાણ પેઢીના માલિકના પુત્રનું હાર્ટ એટેકથી મોત થયુ છે. યુવક અચાનક દુકાનમાં ઢળી પડ્યા બાદ મોત થયુ હતુ. જૈન વિજય ફરસાણાના માલિકના ૨૪ વર્ષિય પુત્રનું હાર્ટએટેકથી મોત થયુ છે.

## જામનગરના વિજરખી ડેમમાં એક યુવકે મોતની છલાંગ લગાવી

। જામનગર, તા.૨ ।

જામનગરના વિજરખી ડેમમાં એક યુવકે મોતની છલાંગ લગાવી છે. યુવકે અંગત કારણોસર ગઈકાલે યુવકે ડેમમાં છલાંગ લગાવી મોત વ્હાલુ કર્યુ હતું. ફાયર વિભાગે ભારે જહેમત બાદ યુવકનો મૃતદેહ શોધ્યો હતો. આત્મહત્યા પહેલાં યુવકે બનાવેલો વીડિયો પણ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર જામનગર શહેરના કાલાવડ નાકા બહાર આવેલ ઝુલેખા મસ્જિદ પાસે રેહતો અબ્દુલકાદિર આરબ નામના યુવાને અગંત કારણોસર વિજરખી ડેમમાં કૂદી જીવનનો અંત આણ્યો. કાલાવડ નાકા બહાર આવેલ ઝુલેખા મસ્જિદ પાસે રેહતો અબ્દુલકાદિર આરબ નામના યુવાને અગંત કારણોસર વિજરખી ડેમમાં કૂદી જીવનનો અંત આણ્યો.

### વિશેષ

### વિશ્વમાં ૭ અબજલોકો ૧૫% વિકલાંગતા સાથે જીવે છે. ૧૦ કરોડથી વધુ વિકલાંગ બાળકો છે.

# 3 ડિસેમ્બર, વિશ્વ વિકલાંગ દિવસ , વિકલાંગતા અભિશાપ નથી, એક શારીરિક ખામી છે



### સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

ખરેખર તો વિકલાંગતા અભિશાપ નથી, એક શારીરિક ખામી છે.જે નિવારી શકાય છે.

વિકલાંગ વ્યક્તિઓને સમાન તક આપવા અને તેમના અધિકારોની અનુભૂતિ કરાવવા માટે દર વર્ષે ૩ ડિસેમ્બરે વિશ્વ વિકલાંગ દિવસ મનાવવામાં આવે છે. વિકલાંગ વ્યક્તિઓના માનવ અધિકારો, સ્થાયી વિકાસ અને શાંતિની સાથે સુરક્ષા જાળવી રાખવા માટે જરૂરી છે. આ વ્યક્તિઓને વાસ્તવિક જીવનમાં સહાયતા અપાવવા માટે આ દિવસને મનાવવામાં આવે છે. વિકલાંગ વ્યક્તિઓ માટે આ સૌથી ખાસ દિવસોમાંથી એક હોય છે.

વિશ્વ વિકલાંગ દિવસ માટે વાર્ષિક ઑબ્ઝરવેશનની ઘોષણા યૂનાઈટેડ નેશન્સે જનરલ એસેમ્બલી રેઝોલ્યૂશનમાં ૧૯૯૨માં કરી હતી. જનરલ એસેમ્બલી રેઝોલ્યૂશન ૪૭/૩ હેઠળ આ વાર્ષિક ઑબ્ઝર્વેશન જાહેર કર્યુ હતું. તેનો ઉદ્દેશ્ય તમામ ક્ષેત્રમાં વિકલાંગ લોકોના અધિકારો અને કલ્યાણને પ્રોત્સાહન આપવાનો છે. આ ઉપરાંત રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનના દરેક પાસામાં વિકલાંગ વ્યક્તિઓની પરિસ્થિતિ વિશે જાગરૂકતા વધારવાનો છે. આ વિકલાંગોની સમજ અને જાગરૂકતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ઉૐ અનુસાર વિશ્વની ૧૫ ટકા વસતી વિકલાંગતા સાથે જીવી રહી છે. ન્યૂરોલોજી સમસ્યાઓની સાથે જીવી રહેલા ઘણા લોકો વ્યવસાયિક ચિકિત્સાનો લાભ મેળવી શકતા નથી. આ સમાજમાં તેમની અવગણના અને સમાન અધિકારો ન મળવાનું કારણ છે. માનસિક





પરિસ્થિતિ અને તણાવ એવી ડિસેબિલિટીઝ છે જે જોઈ શકાતી નથી.

વિશ્વ વિકલાંગ દિવસનું મહત્ત્વ ત્યારે વધી જાય છે, જ્યારે વાત વિકલાંગ વ્યક્તિઓના અધિકારોની આવે છે. આ જ એક એવો દિવસ હોય છે જ્યારે વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણની વાતો કરવામાં આવે છે. સમાજમાં થતી તેમની અવગણના અને તેમના પ્રત્યે લઘુતા ગ્રંથિ રાખવા જેવી બાબતો પર અંકુશ લગાવવા માટે આ દિવસ ખાસ મહત્ત્વ ધરાવે છે. કળા પ્રદર્શન, ચિત્રોની ગેલેરી, તેમની કુશળતા વગેરે દ્વારા આ દિવસ મનાવવામાં આવે છે. વિકલાંગ વ્યક્તિઓને સન્માન આપતાં કાર્યક્રમોનું આયોજન કરીને તેમને સમાજમાં એક સમાન વર્ગમાં સમાવિષ્ટ કરતાં જાગરૂકતા ફેલાવી શકાય છે. વિકલાંગ વ્યક્તિઓના કામની પ્રશંસા કરતાં તેમને સન્માનિત કરવાથી આ દિવસનું મહત્ત્વ વધી જાય છે.

કુલ વસ્તીમાંથી લગભગ એક અબજ લોકો એટલે કે ૭ અબજ અથવા વિશ્વની લગભગ ૧૫ ટકા વસ્તી, અમુક પ્રકારની વિકલાંગતા સાથે જીવે છે. કુલ વિકલાંગ વસ્તીના ૮૦ ટકા વિકાસશીલ દેશોમાં રહે છે. ૧૦ કરોડથી વધુ વિકલાંગ બાળકો છે. વિકલાંગ લોકો (ૄઢજ) વૈશ્વિક સમસ્યાઓના આરોગ્ય, સામાજિક અને આર્થિક પરિણામોથી ‘અપ્રમાણસર’ અસરગ્રસ્ત થયા છે. તેથી, વિશ્વના ટકાઉ વિકાસ માં દિવ્યાંગ લોકોની ભાગીદારી વધારવા માટે આ દિવસ મનાવવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રના એક રિપોર્ટમાં આપવામાં આવેલા અંદાજ મુજબ, વિશ્વની લગભગ ૧૫ ટકા વસ્તી એટલે કે, એક અબજથી વધુ લોકો કોઈને કોઈ પ્રકારની વિકલાંગતાથી પીડાય છે. જેમાંથી ૮૦ ટકા વિકાસશીલ દેશોમાં રહે છે. બીજી તરફ સંયુક્ત રાષ્ટ્ર ચિલ્ડ્રન્સ ફંડ દ્વારા નવેમ્બર ૨૦૨૧માં બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ વિશ્વભરમાં લગભગ ૨૪ કરોડ વિકલાંગ બાળકો છે. એટલે કે, દર દસમાંથી એક બાળક વિકલાંગતાનો ભોગ બને છે. રિપોર્ટ અનુસાર ૧૮ વર્ષ અને તેથી વધુ ઉંમરની મહિલાઓમાં વિકલાંગતાનો સરેરાશ દર ૧૯ ટકા છે (દર પાંચમાંથી એક મહિલા) જ્યારે પુરુષો માટે આ આંકડો ૧૨ ટકા છે. વિશ્વમાં લગભગ ૮૦૦ મિલિયન અપંગ લોકો કામ કરવાની ઉંમરના છે.

આ ઉપરાંત, તેનો હેતુ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનના દરેક પાસાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓની સ્થિતિ વિશે જાગૃતિ લાવવાનો છે. દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો પર યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ૨૦૦૬માં અપનાવવામાં આવ્યું હતું.

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૧૯૮૩થી ૧૯૯૨ સુધી દિવ્યાંગો માટે સંયુક્ત રાષ્ટ્ર દાયકાની જાહેરાત કરી હતી જેથી તે સરકારો અને સંસ્થાઓને વિશ્વ કાર્યક્રમમાં ભલામણ કરાયેલી પ્રવૃત્તિઓના અમલ માટેએક લક્ષ્ય પૂરું પાડી શકે. આ પ છી, ૧૯૯૨થી ૩ ડિસેમ્બરને વિશ્વ વિકલાંગ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો.

સામાન્ય રીતે લોકોમાં વિકલાંગો પ્રત્યે દયા અથવા હીનતા સંકુલ હોય છે. લોકો માને છે કે, જો કોઈ વ્યક્તિ વિકલાંગ છે, તો તેનો અર્થ એ છે કે, તે ચોક્કસપણે અન્ય લોકો પર બોજ બની રહેશે, જે યોગ્ય નથી. થોડી મહેનતથી વિકલાંગ વ્યક્તિ પણ સામાન્ય જીવન જીવી શકે છે. દર વર્ષે તારીખ ૩ ડિસેમ્બરે લોકોમાં જાગૃતિ ફેલાવવા, વિશ્વભરના વિકલાંગ અથવા વિકલાંગ લોકોની વિકલાંગતા સંબંધિત મુદ્દાઓ તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરવા અને તેમના યોગ્ય આર્થિક અને સામાજિક વિકાસ માટે પ્રયાસો કરવાના ઉદ્દેશ્ય સાથે વિશ્વ વિકલાંગ દિવસ અથવા વિશ્વ દિવ્યાંગ દિવસ ઉજવવામાં આવે છે.

નોંધનીય છે કે, વિકલાંગતા શબ્દમાં શારીરિક અને માનસિક વિકલાંગતા બંનેનો સમાવેશ થાય છે. જો આપણે વિકલાંગતાની શ્રેણીઓ વિશે વાત કરીએ તો, સામાન્ય રીતે નીચેની સમસ્યાઓથી પીડાતા લોકોને અપંગતાની શ્રેણીમાં રાખવામાં આવે છે. જે લોકો દ્રષ્ટિની ક્ષતિથી પીડિત છે. એટલે કે, અત્યંત ઓછી દ્રષ્ટિ અથવા આંશિક અંધત્વ અથવા સંપૂર્ણ અંધત્વ. જે લોકોને બોલવામાં કે સાંભળવામાં તકલીફ હોય અથવા જેઓ બિલકુલ બોલી કે સાંભળી શકતા નથી. જે લોકો કોઈપણ રોગ, આનુવંશિક કારણ કે અકસ્માતને કારણે શારીરિક અક્ષમતાથી પીડાતા હોય અને ચાલવામાં અથવા સામાન્ય જીવન જીવવામાં અસમર્થ હોય અથવા મુશ્કેલી અનુભવતા હોય.

અહેવાલ મુજબ પુરુષો, સ્ત્રીઓ અને વિકલાંગ બાળકો સામાન્ય રીતે પ્રણાલીગત અને સામાજિક અવરોધોનો સામનો કરે છે. જે તેમની સામાજિક અને આર્થિક સ્થિતિને અસર કરે છે. એ ચિંતાનો વિષય છે કે, મોટાભાગના વિકલાંગો વિવિધ કારણોસર જરૂરી આરોગ્ય સેવાઓનો લાભ લઈ શકતા નથી. તેઓ ઈચ્છિત શિક્ષણ મેળવી શકતા નથી અને સમાજમાં તેમને રોજગારીની ખૂબ ઓછી તકો પણ મળે છે. આવી સ્થિતિમાં, વિશ્વ વિકલાંગ દિવસ એ એક તક છે, જે વિવિધ સમુદાયોને વિકલાંગોને લઈને સમાજમાં પ્રવર્તતા પૂર્વગ્રહ અને ભેદભાવને દૂર કરવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રયાસો કરવા માટે એક મંચ આપે છે. જેનાથી આસપાસના વિકલાંગ લોકોના અધિકારોને પ્રોત્સાહન મળે છે. તેમના માટે અવરોધ

## UNની રિપોર્ટમાં મોટો ખુલાસો

# વર્ષ ૨૦૩૦ સુધીમાં સંપૂર્ણપણે વિશ્વમાં એઈડ્સની સમસ્યા ખત્મ થઇ જશે



। નવી દિલ્હી, તા.૨ ।

વિશ્વ એઈડ્સ દિવસ' દર વર્ષે ૧ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે શું વિશ્વ હ્યુમન ઈમ્યુનોડેફિશિયન્સી વાયરસ (એચઆઈવી) થી થતા જીવલેણ રોગને સફળતાપૂર્વક નિયંત્રિત કરી શકશે? તે દર વર્ષે ૧ ડિસેમ્બરે એક્વાયર્ડ ઈમ્યુન ડેફિશિયન્સી સિન્ડ્રોમ વિશે જાગૃતિ ફેલાવવા અને આ રોગથી પીડિત લોકોને મદદ કરવા માટે ઉજવવામાં આવે છે. એઈડ્સ પર વ્યાપક અને સમન્વયિત વૈશ્વિક પગલાંની હિમાયત કરતી સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા UNAIDSએ 'સમુદાયને નેતૃત્વ કરવા દો' થીમ આપી છે. શું દુનિયામાંથી એઈડ્સ નાબૂદ થશે? એચ.આઈ.વી.થી પ્રભાવિત સમુદાયોની સંસ્થાઓ અથવા જેઓ તેના જોખમમાં છે. તેમના માટે કયા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે? વિશ્વ એઈડ્સ દિવસનો હેતુ જીવલેણ રોગ વિશે જાગૃતિ ફેલાવવાનો છે. કારણ કે આ રોગને લઈને લોકો ખૂબ જ સંકુચિત માનસિકતા ધરાવે છે.

તે દર વર્ષે ૧ ડિસેમ્બરે એક્વાયર્ડ ઈમ્યુન ડેફિશિયન્સી સિન્ડ્રોમ વિશે જાગૃતિ ફેલાવવા અને આ રોગથી પીડિત લોકોને મદદ કરવા માટે ઉજવવામાં આવે છે. એક ખાસ વેબપેજ પર સંયુક્ત રાષ્ટ્ર સંગઠને આ વર્ષની થીમ પસંદ કરવા પાછળનું કારણ સમજાવ્યું છે. UNAIDSએ કહ્યું, 'સમુદાયોના નેતૃત્વથી વિશ્વ એઈડ્સને ખતમ કરી શકે છે. એચ.આય.વી.ની સાથે રહેતા, જોખમમાં અથવા અસરગ્રસ્ત સમુદાયોમાં સંસ્થાઓ HIV પ્રતિભાવમાં પ્રગતિની આગળની રેખાઓ છે.

# નવા નિયમો લાગુ થયા બાદ સાઇબર ફ્રોડ ઘટવાની આશા

। નવી દિલ્હી, તા.૨ ।



નવા નિયમો લાગુ થયા બાદ દેશમાં સાઈબર ફ્રોડના કેસમાં ઘટાડો થવાની આશા છે. સામાન્ય લોકોની સુરક્ષા માટે સરકારે આ નિયમો જાહેર કર્યા છે. આનાથી બલ્ક સિમ કાર્ડ ખરીદવા અને નવા સિમ કાર્ડ ખરીદવા પર પણ અસર થશે. ચાલો જાણીએ કે કયા નવા ફેરફારો થઈ રહ્યા છે. નવું સિમ કાર્ડ ખરીદવા માટે ગ્રાહકોએ હવે પહેલા કરતા વધુ વિગતો આપવી પડશે. તેની મદદથી સત્તાવાળાઓ સિમ કાર્ડ સાથે જોડાયેલ વ્યક્તિને સરળતાથી ટ્રેક કરી શકશે. સાઈબર ફ્રોડના મામલામાં આ ફાયદાકારક રહેશે. કારણ કે સાઈબર છેતરપિંડીના મોટાભાગના કેસોમાં નકલી નામોથી ખરીદેલા સિમ કાર્ડનો ઉપયોગ કરવામાં આવે છે. આવી સ્થિતિમાં નવા નિયમો લાગુ થયા પછી કોઈ બીજાના નામ પર સિમ ખરીદવું મુશ્કેલ બનશે. જો તમે તમારા હાલના નંબર માટે સિમ કાર્ડ ખરીદી રહ્યા છો તો તમારે તમારું આધાર કાર્ડ અને ડેમોગ્રાફિક ડેટા બંને આપવા પડશે. એટલું જ નહીં તમે જેની પાસેથી સિમ ખરીદશો તેને પણ વેરિફિકેશન પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. સરકારે સિમ કાર્ડ ડિલરો માટે પણ વેરિફિકેશન ફરજિયાત બનાવ્યું છે. એટલે કે, સિમ કાર્ડ જાહેર કરતી વખતે સિમ ખરીદનારના દસ્તાવેજો ચોક્કસપણે જરૂરી રહેશે.

## દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન અને વરસાદ

# ૫ ડિસેમ્બરે આંધ્રપ્રદેશમાં ટકારાશે મિચૌંગ વાવાઝોડુ

। નવી દિલ્હી, તા.૨ ।



ભારતીય હવામાન વિભાગએ બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશર વિસ્તાર બાદ આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. IMD અનુસાર, ચક્રવાત મિચૌંગ ૫ ડિસેમ્બરે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ટકરાશે, જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન અને ભારે વરસાદ પડશે. ચક્રવાતને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન સમિતિ એ શુક્રવારે (૧ ડિસેમ્બર, ૨૦૨૩) રાજ્ય સરકારો અને કેન્દ્રીય મંત્રાલયો અને તેમના સંબંધિત વિભાગો વચ્ચે વધુ સારા સંકલન માટે તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ દરમિયાન માછીમારોને દરિયામાં ન જવા અપીલ કરવામાં આવી છે. જ્યારે પર્યાપ્ત સંખ્યામાં આશ્રયસ્થાનો, વીજ પુરવઠો, દવાઓ અને ઈમરજન્સી સેવાઓ તૈયાર રાખવામાં આવી રહી છે. હવે વાત કરીએ ગુજરાતની તો આ વાવાઝોડાની ગુજરાત નહિવત અસર થશે. વાવાઝોડું ૫ તારીખે નેલ્લોર અને માછલીપટ્ટનમ વચ્ચે લેન્ડફોલ્સ થશે. જેની અસરથી ગુજરાતના દરિયાકાંઠાના કેટલાક વિસ્તારમા છૂટછવાયો હળવો વરસાદ થઈ શકે છે. ચક્રવાત પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાનીને ૩ ડિસેમ્બરની આસપાસ ચક્રવાતી તોફાનમાં ફેરવાય તેવી શક્યતા છે. આગળ, તે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે અને ૪ ડિસેમ્બરે દક્ષિણ આંધ્ર પ્રદેશ અને ઉત્તર તમિલનાડુ કિનારે પહોંચશે. આ પછી, તે ૫ ડિસેમ્બરના રોજ નેલ્લોર અને માછલીપટ્ટનમ વચ્ચે ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ જશે. આ સમયે પવનની ગતિ ૮૦-૯૦ કિમી પ્રતિ કલાકની રહેશે. NDRF એ તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પુડુચેરી માટે ૧૮ બચાવ ટીમોની રચના કરી છે અને ૧૦ વધારાની ટીમો તૈયાર રાખી છે.

## સગીરના બે મિત્રોએ તેનું અપહરણ કરી અને ફરાર થઈ ગયા હતા

# જામનગરમાં સગીરનું અપહરણ બાદ તેની હત્યા કરાયેલી લાશ મળતા ચકચાર મચી

## સગીરના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડાયો છે, સમગ્ર કેસમાં મૃતકના બે મિત્રો શંકાના દાયરામાં ઘેરાયેલા છે



। જામનગર, તા.૨ ।

જામનગરમાંથી સગીરનું અપહરણ બાદ તેની હત્યા કરાયેલી લાશ મળતા ચકચાર મચી ગઈ છે. મોહનનગર આવાસમાંથી સગીરનું અપહરણ કરાયું હતું. જેના બાદ ઠેબા નજીક બે ભાઈના ડુંગર પાસેથી સગીરનો મૃતદેહ મળી આવ્યો છે.

જેથી જામનગરના પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. સમગ્ર કેસમાં મૃતકના બે મિત્રો શંકાના દાયરામાં છે. હાલ સગીરના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડાયો છે. તેમજ અપહરણ સમયના સીસીટીવી વીડિયો પણ સામે આવ્યા છે, જેના આધારે તપાસ શરૂ કરાઈ છે. મળતી વિગતો અનુસાર જામનગર શહેરના મોહનનગર આવાસમાં રહેતો એક સગીર શાળાએ જવા માટે નીકળ્યો હતો. ત્યાર બાદમાં સોસાયટીના ગેટ પાસે જ સગીરના બે મિત્રોએ તેનું અપહરણ કરી અને ફરાર થઈ ગયા હતા. સગીરના માતા પિતાએ શાળાએ તપાસ કરતા સગીર શાળાએ આવ્યો ન હોવાનો ધ્યાને આવ્યું હતું. ત્યારબાદ માતા-પિતાએ પોલીસને જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી. સગીરના બે મિત્રો તેને જામનગરના ઠેબા ગામ નજીક બે ભાઈના ડુંગર પાસે લઈ ગયા હોવાનું પ્રાથમિક વિગતોમાં બહાર આવ્યું છે. ત્યારે સગીરની હત્યા કરી લાશ સળગાવી નાખી હોવાનું સગીરના માતા પિતાએ જણાવ્યું. પોલીસે ઘટના સ્થળે પહોંચી અને તપાસ હાથ ધરી હતી અને હત્યારાઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. જોકે કયા કારણોસર સગીરની હત્યા કરાય તેનું કારણ હજુ સુધી અકબંધ રહેવા પામ્યું છે. અપહરણ કરનાર મિત્ર સીસીટીવીમાં કેદ થયો છે અને અને પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે.

## અમેરિકામાં ફરી એકવાર ગુજરાતીની હત્યાની ઘટના

# અમેરિકામાં મૂળ આણંદના બ્રહ્મભટ્ટ પરિવારના ત્રણ સભ્યોની હત્યા થઇ

## એક ગુજરાતી યુવકે તેના મામા અને દાદા-દાદીની ગોળી મારીને હત્યા કરી નાખી હતી આ પછી તેણે પોલીસને ફોન કરીને હત્યાની જાણકારી આપી



। આણંદ, તા.૨ ।

અમેરિકામાં ફરી એકવાર ગુજરાતીની હત્યાની ઘટના સામે આવી છે. જોકે અહીં એક ગુજરાતીએ જ બીજા ગુજરાતી એટલે કે પોતાના પરિવારના સભ્યોની જ હત્યા કરી દેતાં હડકંપ મચી ગયો છે. વાત જાણે એમ છે કે, એક ગુજરાતી યુવકે તેના મામા અને દાદા-દાદીની ગોળી મારીને હત્યા કરી નાખી હતી. આ પછી તેણે પોલીસને ફોન કરીને હત્યાની જાણકારી આપી.

ન્યૂજર્સી પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તેની ધરપકડ કરી હતી. મહત્વનું છે કે, યુવકે જેની હત્યા કરી તે દાદા ગુજરાત પોલીસમાંથી પીઆઈ પદેથી નિવૃત્ત થયા હતા. અમેરિકાના ન્યૂજર્સીમાં એક જ પરિવારના ૩ સભ્યોની હત્યાની ઘટના સામે આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ દિલીપભાઈ બ્રહ્મભટ્ટ ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા હતા. તેમની પુત્રી રિંકુના લગ્ન વિદેશમાં થયા હતા. જ્યાં તેમણે પુત્ર ઓમને જન્મ આપ્યો. જોકે રિંકુના છૂટાછેડા થઈ ગયા હતા. રિંકુનો ભાઈ યશ બ્રહ્મભટ્ટ અભ્યાસ બાદ અમેરિકામાં સ્થાયી થયો હતો.

બીજી તરફ દિલીપભાઈ અને તેમના પત્ની પુત્ર યશને મળવા અમેરિકા જતા હતા. યશ તેના ભત્રીજા ઓમને લઈને અમેરિકા સ્થાયી થયો હતો. દરમિયાન ખબર પડી કે, ઓમ ડ્રગ્સનો વ્યસની હતો. આ બાબતે તેના દાદા-દાદી અને મામા તેને ઠપકો આપતા હતા. એક ગુજરાતી યુવકે તેના મામા અને દાદા-દાદીની ગોળી મારીને હત્યા કરી નાખી હતી. આ તરફ પરિજનો તેને ડ્રગ્સને કારણે ઠપકો આપતા હોઈ ઓમ ગુસ્સામાં હતો. જોકે કોઈએ વિચાર્યું ન હતું કે એક દિવસ તે પોતાના જ લોકોના લોહીનો તરસ્યો બની જશે. ઓમે પોઈન્ટ બ્લેક રેન્જમાં તેના મામા યશ, દાદા દિલીપભાઈ અને નાની બિંદુની ગોળી મારીને હત્યા કરી હતી. આ અંગે તેણે પોલીસને પણ જાણ કરી હતી. ન્યૂજર્સી પોલીસ માહિતી પર પહોંચી અને તેની ધરપકડ કરી. વિગતો મુજબ મૃતક બ્રહ્મભટ્ટ પરિવાર આણંદ જિલ્લાનો રહેવાસી હતો. બાકરોલ રોડ પર રહેતો આ પરિવાર દોઢ મહિના પહેલા જ અમેરિકા ગયો હતો. જેમાં નિવૃત્ત PI દિલીપ બ્રહ્મભટ્ટ, પત્ની બિંદુ બ્રહ્મભટ્ટ અને પુત્ર યશ બ્રહ્મભટ્ટનો સમાવેશ થાય છે. ત્રણેય ન્યૂ જર્સીના મિડસેક્સ કાઉન્ટીમાં રહેતા હતા.

## ત્રણ સેક્ટર છે હોટફેવરિટ

# ફિનલેન્ડ ભારતીય ટેલેન્ટને આકર્ષવા ઈચ્છે છે

## ફિનલેન્ડ ખાસ કરીને IT, ડિજિટલાઈઝેશન, ક્લીનટેક અને વૃદ્ધ વસ્તીને કારણે સોશિયલ અને હેલ્થ જેવા સેક્ટરમાં ટેલેન્ટ શોધી રહ્યું છે

। છોટા ઉદેપુર, તા.૨ ।

યુરોપના એક રમણીય અને શાંત દેશ તરીકે જાણતા ફિનલેન્ડે વિદ્યાર્થીઓ, સંશોધકો અને ઈનોવેટર્સને આકર્ષ્યા છે. ફિનલેન્ડમાં આ લોકો માટે મોટી તકો રહેલી છે. ફિનલેન્ડમાં લેબરની શોર્ટેજ છે જેના કારણે તે ઈન્ટરનેશનલ વર્કર્સને સક્રિય પણે આવકારી રહ્યો છે. તાજેતરમાં અમારા સહયોગી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથેની મુલાકાતમાં બિઝનેસ ફિનલેન્ડમાં વર્ક ઈન ફિનલેન્ડના સિનિયર ડિરેક્ટર લૌરા લિન્ડમેને 'વર્ક ઈન ફિનલેન્ડ' અને 'ટેલેન્ટ બૂસ્ટ' જેવી બાબતો અંગે વાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈશ્વિક જોડાણ માટે પ્રતિબદ્ધ ફિનલેન્ડ આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓને બાકીના વિશ્વ સાથે કનેક્ટ કરવા માટે પોતાને કોન્ટ્રીબ્યુટર તરીકે જુએ છે. સ્પર્ધાત્મકતા વધારવામાં માનવ મૂડીના મહત્વને ઓળખીને ફિનલેન્ડનો હેતુ વૈવિધ્યસભર કાર્યબળને આકર્ષવાનો, આંતરરાષ્ટ્રીયકરણ, નવીનતા અને કંપની ગ્રોથને પ્રોત્સાહન આપવાનો છે. ફિનલેન્ડ ૨૦૩૦ સુધીમાં દર વર્ષે ૧૫,૦૦૦ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને આકર્ષવા અને વર્ક-આધારિત માઈગ્રેશનનું સ્તર વધારીને ૩૦,૦૦૦ પ્રતિ વર્ષ કરવા માંગે છે. હેલસિંકીના ઈમિગ્રેશન અફેર્સ ડાયરેક્ટર ગ્લેન ગેસને જુલાઈમાં ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને કહ્યું હતું કે, "ફિનિશ સમાજ વૃદ્ધ થઈ રહ્યો છે તેથી દેશને લેબર માર્કેટમાં જોડાવા માટે વધુ યુવાનોની જરૂર છે. આ માટે અમે ભારતને અમારા ફોકસ દેશોમાંના એક તરીકે જોઈએ છીએ અને અમારી ભાગીદારીને વધુ તીવ્ર બનાવવા માંગીએ છીએ. ભારતમાં યુવા વસ્તી વધી રહી છે.



દેશમાં ઘણી બધી પ્રતિભા છે અને ફિનલેન્ડને ભારતીય વિદ્યાર્થીઓ, સંશોધકો, ઉદ્યોગસાહસિકો અને વ્યાવસાયિકો સાથે ઉત્તમ અનુભવો છે. સમગ્ર ફિનલેન્ડમાં એક સક્રિય ભારતીય વેપારી સમુદાય છે અને અમે જોયું છે કે નવા આવતા ભારતીયો ફિનલેન્ડમાં ઝડપથી એકીકૃત થાય છે અને ખૂબ જ સફળ રીતે ઊભરી આવે છે. લિન્ડમેનનો મત પણ ગ્લેન ગેસન જેવો જ છે. તેઓ પણ કહી રહ્યા છે કે તેઓ ભારતમાંથી ટેલેન્ટને આકર્ષવા ઈચ્છે છે. તેમણે કહ્યું હતું કે ૨૦૧૯થી સૌથી વધુ સંખ્યામાં પ્રતિભાઓને આકર્ષવા માટે ભારત ફિનલેન્ડનો નંબર વન ટાર્ગેટ દેશ છે. ફિનલેન્ડમાં આવતા યુરોપિયન યુનિયન સિવાયના બહારના મોટાભાગના નિષ્ણાતો ભારતીય છે. ફિનલેન્ડમાં નોકરીદાતાઓ ભારતીય પ્રતિભા અને ભારતીયોથી પરિચિત છે. ફિનલેન્ડમાં લેબર ક્રાઈસિસ છે અને તેના કારણે ફિનલેન્ડ ખાસ કરીને IT, ડિજિટલાઈઝેશન, ક્લીનટેક અને વૃદ્ધ વસ્તીને કારણે સોશિયલ અને હેલ્થ જેવા સેક્ટરમાં ટેલેન્ટ શોધી રહ્યું છે.



શું ભૂપેશ ભાગેલ છત્તીસગઢમાં ફરીથી પોતાનો કિલ્લો પકડી શકે છે કારણ કે કોંગ્રેસ, બીજેપી ૩ ડિસેમ્બરના રોજ સીલમુક્ત થશે.

# વંદાએ અંતરિક્ષમાં 33 બાળકોને આપ્યો જન્મ



। નવી દિલ્હી, તા.૨ ।

અત્યાર સુધી તમે જીવનને લગતી જે પણ વાતો સાંભળી હશે તે બધી પૃથ્વી સાથે સંબંધિત હશે. પરંતુ આજે અમે તમને એક એવા જીવ વિશે જણાવીશું જેણે અંતરિક્ષમાં જીવન શક્ય બનાવ્યું છે. સૌથી મોટી વાત એ છે કે અંતરિક્ષમાં જ આ જીવે એક નહીં પરંતુ ૩૩ બાળકોને જન્મ આપ્યો છે. ચાલો હવે અમે તમને આ જીવ વિશે જણાવીએ, જે અંતરિક્ષમાં પ્રેગ્નેન્ટ થઈ હતી. અમે જે પ્રાણી વિશે વાત કરી રહ્યા છીએ તે એક વંદો છે. વર્ષ ૨૦૦૭ની વાત છે જ્યારે રશિયન વૈજ્ઞાનિકોએ હોપ નામના એક રશિયન વંદાને ફોટોન-એમ-બાયો સેટેલાઈટની મદદથી સ્પેસમાં મોકલ્યો. ત્યાં તેના બાળકાના જન્મની રાહ જોવા લાગ્યા. સ્પેસમાં ૧૨ દિવસ સુધી રહ્યા બાદ આ વંદાને ૩૩ બાળકોને જન્મ આપ્યો. તેનાથી મોટી વાત એ છે કે આ બાળકોને જન્મ આપ્યા બાદજ સારી રીતે ખાઈ-પી પણ રહ્યા છે. સામાન્ય રીતે ધરતી પર જે વંદા જન્મે છે કે પારદર્શક શેલ સાથે જન્મે છે જે ધીમે-ધીમે ઉંમરની સાથે ભૂરો થવા લાગે છે.

# નિવૃત્ત IAS નીકળ્યો અસલી કૌભાંડ કરનાર



। છોટા ઉદેપુર, તા.૨ ।

છોટા ઉદેપુર અને દાહોદ જિલ્લામાં સામે આવેલાં નકલી સરકારી કચેરી કાંડનો રેલો હવે નિવૃત્ત IAS અધિકારી સુધી પહોંચ્યો છે. બી.ડી. નીનામા નામનો આ નિવૃત્ત IAS જ્યારે પ્રાયોજના અધિકારી હતો, ત્યારે તેણે ગઠિયાઓ સાથે મળીને આદિવાસીઓને લૂંટ્યા હતા. અધિકારી અને ગઠિયાઓની સાથે કેવી રીતે આ સમગ્ર કૌભાંડ ચાલતું હતું, પોલીસના જાપ્તામાં વાદળી રંગના શર્ટમાં તમે જે વ્યક્તિને જોઈ રહ્યા છો, તે થોડા સમય પહેલાં રાજ્યમાt IAS અધિકારી તરીકેનો મોભ્મો ભોગવતો હતો, જો કે હવે તે આરોપી છે. તેનું નામ છે બી. ડી નીનામા. છોટાઉદેપુર અને દાહોદમાં એક ડઝનથી વધારે નકલી સરકારી કચેરીઓ ખોલીને સરકારને ૨૨ કરોડ રૂપિયાથી વધુનો ચૂનો લગાવવાના કૌભાંડમાં આ નિવૃત્ત IASની પણ સંડોવણી સામે આવી છે. જેને જોતાં દાહોદ પોલીસે ગાંધીનગરથી તેની ધરપકડ કરી હતી. નીનામા જ્યારે દાહોદમાં પ્રાયોજના અધિકારી હતો.

## તંત્રી લેખ...

# પર્યાવરણીય સમસ્યાઓના નિરાકરણનું આયોજન

પૃથ્વીની પર્યાવરણીય ચિંતાઓને ધ્યાનમાં લેવા અને સમસ્યાઓના નિરાકરણ માટે દુબઈમાં COP-28નું આયોજન કરવામાં આવ્યું છે, કારણ કે ગ્લોબલ વોર્મિંગની અસર આપણા જીવન પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આ વર્ષે, ૩૮થી વધુ દિવસો એવા રહ્યા છે જેમાં તાપમાન સરેરાશ કરતા દોઢ ડિગ્રી વધારે હતું. ઈ. સ. ૨૦૨૧માં પેરિસ કરાર મુજબ, જેણે વિશ્વના તાપમાનને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત રાખવાનું વચન આપ્યું હતું તેનું કોઈ દેશોએ પાલન કર્યું નથી. મહાસાગરો ઝડપથી ગરમ થઈ રહ્યા છે. અલ નિનોને કારણે આ વર્ષે તાપમાન પણ સામાન્ય કરતા ૧ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. આ વર્ષે પૃથ્વીનું રેફ્રિજરેટર ગણાતા એન્ટાર્કટિકામાંથી સાડા સત્તર લાખ ચોરસ કિલોમીટર બરફ પીગળ્યો છે. ગયા અઠવાડિયે, એન્ટાર્કટિકામાં ૪ હજાર ચોરસ કિલોમીટરથી વધુ મોટો આઈસબર્ગ તૂટી પડયો હતો. જેને માટે બધા મીઠી મીઠી વાતો કરે છે પણ એક્શન કોઈ લેતું નથી એ વિષય છે પર્યાવરણ. દુબઈ સમિટ પણ વાર્તાઓથી છલોછલ હશે પણ ધરાતલ પર એનો અમલ નહીં થાય. કેટલીક જગ્યાએ પૂર, કેટલીક જગ્યાએ દુષ્કાળ અને કેટલીક જગ્યાએ કમોસમી વરસાદને કારણે વિશ્વભરના હવામાનશાસ્ત્રીઓ ઈ. સ. ૨૦૨૩ને એવું વર્ષ ગણી રહ્યા છે જ્યાં પૃથ્વીનું પર્યાવરણ અજાણ્યા વિસ્તારમાં પ્રવેશી રહ્યું છે. દેખીતી રીતે, ૐ-૨૮માં માત્ર બૌદ્ધિક કસરતો પૂરતું નથી, જેમાં ૧૯૮ સહભાગી દેશો અને તેમના પ્રતિનિધિઓ પૃથ્વીના વાતાવરણની ચિંતા કરે છે. વધુ સારા ભવિષ્યની રૂપરેખા આપવા માટે ૐ મીટિંગ્સ યોજવામાં આવી હશે, પરંતુ પેરિસ કરારના અપવાદ સિવાય, અત્યાર સુધી ઉલ્લેખ કરવા યોગ્ય ઘણું બધું કરવામાં આવ્યું નથી. ન તો વિકસિત દેશો તેમના કાર્બન ઉત્સર્જનમાં ઝડપથી ઘટાડો કરી રહ્યા છે કે ન તો ગ્રીન એનર્જીમાં પ્રગતિ ઉલ્લેખનીય છે. તેથી જ ૐ-૨૮ અગાઉની તમામ બેઠકોમાં આપેલાં વચનો, ઈરાદાઓ અને તેના પર કરવામાં આવેલા કામનો હિસાબ હશે. ગયા વર્ષે, ઈજિપ્તમાં આયોજિત ર્ભર્ૐ-૨૭માં, હવામાનને કારણે થતા નુકસાનને પહોંચી વળવા માટે એક ભંડોળ બનાવવા માટે બધા સંમત થયા હતા, જે હજુ પણ લગભગ શૂન્ય પર છે. જો ૐ-૨૮માં આ અંગે કંઈ કરવામાં ન આવે તો પણ વિકસિત દેશો ક્લાઈમેટ ચેન્જના પડકારોનો સામનો કરવા માટે કેટલા ગંભીર છે તે સ્પષ્ટ થઈ જશે. વિશ્વએ જળવાયુ પરિવર્તનના પડકારને ગંભીરતાથી લેવો પડશે અને તેની ખરાબ અસરોને ઘટાડવા માટે પગલાં લેવા પડશે. અત્યાર સુધી, પોતાના સ્વાર્થને કારણે, વિશ્વના ઘણા દેશો આ દિશામાં ઝડપી પગલાં નથી લેતા, ખાસ કરીને સમૃદ્ધ દેશો. વાસ્તવમાં નેટ શૂન્યનું લક્ષ્ય હાંસલ કરવા માટે ગ્રીન એનર્જીમાં જંગી રોકાણ કરવું પડશે અને પ્રદૂષિત ઈંધણનો ઉપયોગ ઘટાડવો પડશે. પરંતુ તેનાથી થોડા સમય માટે આર્થિક વૃદ્ધિ ઘટી શકે છે. આ કારણથી પણ ઘણા દેશોમાં ખચકાટ જોવા મળે છે, પરંતુ સમજવું પડશે કે સકારાત્મક માર્ગ પસંદ ન કરીને તેઓ આવનારી પેઢીઓનું ભવિષ્ય બગાડી રહ્યા છે. યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ એ આ મહિનાના અંતમાં દુબઈમાં સુલતાન અહેમદ અલ-જાબેરની અધ્યક્ષતા હેઠળ શરૂ થનારી ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ COP-28ની બરાબર પહેલાં ઉત્સર્જન ગેપ રિપોર્ટ બહાર પડયો છે. તે વિશ્વને ચેતવણી આપે છે કે જો તમામ દેશો સમયસર તેમની ઉત્સર્જન ઘટાડવાની પ્રતિબદ્ધતામાં વધારો નહીં કરી શકે.

## ભારતીય શૈક્ષણિક સંસ્થાઓને વિસ્તારવાનો સમય આવ્યો

વિશ્વની ખ્યાતનામ યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ ભારતમાં પોતાનાં કેમ્પસ ખોલવા જઈ રહી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એટલે કે યુજીસીએ તેની અનુમતિ આપી દીધી છે. યુજીસીના આ પગલા પાછળ એક ઉદ્દેશ્ય વિદેશી મુદ્રાની બચત પણ છે. સાથે જ એ આશા પણ, કે તેનાથી પ્રતિભા પલાયન રોકવામાં બહુ મદદ મળશે. દર વર્ષે સાડા સાત લાખથી વધુ ભારતીય છાત્ર અબજો ડોલર ખર્ચ કરીને વિદેશ ભણવા જાય છે. આરબીઆઈ અનુસાર ૨૦૨૨માં લગભગ ૧૩ લાખ છાત્ર વિદેશમાં ભણી રહ્યા હતા. ૨૦૨૧-૨૨માં ભારતીય છાત્રોની વિદેશમાં ભણતર પર ૨૫ અબજ ડોલરની વિદેશી મુદ્રા ખર્ચ થઈ. હાલમાં ઓક્સફર્ડ યુનિ, મેલબર્ન યુનિ, ક્વીન્સલેન્ડ યુનિ, ટેક્સાસ યુનિ અને સેંટ પીટર્સબર્ગ યુનિ જેવી કેટલીય સંસ્થાઓએ ભારતમાં પરિસર ખોલવામાં રસ દેખાડ્યો છે. સવાલ એ છે કે શું વિદેશી યુનિવર્સિટીઓના પરિસર ભારતમાં ખૂલવાથી એવા મેધાવી વિદ્યાર્થીઓને લાભ થશે, જે આર્થિક તંગીને કારણે વિદેશી યુનિવર્સિટીઓમાં નથી જઈ શકતા? ભારતમાં વિદેશી સંસ્થાઓના પરિસર ખૂલી જવાથી વિદેશમાં રહેવાનો ભારે ખર્ચો નિશ્ચિત રૂપે ઘટશે, પરંતુ શું ભારતમાં તેમનાં પરિસર છાત્રોને ટ્યુશન ફીમાં કોઈ મોટી છૂટ આપશે? હાલમાં તો એવા કોઈ સંકેત નથી. વિદશી યુનિવર્સિટીઓના પરિસર સ્થાપિત કરવા પાછળ જો સરકારની મંશા ભારતને વૈશ્વિક શિક્ષણના એક કેન્દ્ર રૂપે વિકસિત કરવાની છે તો તેણે એવું કરવાની જરૂર નથી. ભારતમાં તો પ્રાચીન કાળથી જ ઉચ્ચ શિક્ષણનાં વૈશ્વિક કેન્દ્ર હતાં. અંગ્રેજી રાજમાં જરૂર ભારતમાં ઉચ્ચ શિક્ષણનો પ્રસાર સ્વદેશીની અવગણના કરતાં થયો હતો. એને કારણે ૧૯૬૮માં ડો. દોલત સિંહ કોઠારીએ પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિની પ્રસ્તાવનામાં લખવું પડ્યું હતું કે દુર્ભાગ્યે ભારતની શિક્ષણ વ્યવસ્થા ભારત કેન્દ્રિત ન હોઈને યુરોપ કેન્દ્રિત છે. આ યુરોપ કેન્દ્રિત શિક્ષણથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦એક એક ઘણી હદ સુધી મુક્તિ અપાવી. આ નીતિનું જોર જીવન નિર્માણ પર છે. તેમાં જીવનના નિર્માણ માટે જ્ઞાનની એ જ ગરિમાને સ્થાપિત કરવાની વ્યાકુળતા દેખાય છે. સ્વામી વિવેકાનંદે યોગ્ય જ કહ્યું હતું કે જેનાથી આપણે આપણું જીવન નિર્માણ કરી શકીએ, મનુષ્ય બની શકીએ અને વિચારો સાથે સામંજસ્ય કરી શકીએ, એ જ વાસ્તવિક શિક્ષણ છે. દિલ્હીની ત્રણ કેન્દ્રીય યુનિવર્સિટીઓથી લઈને વિશ્વભારતી યુનિવર્સિટી અને શાંતિનિકેતન સુદ્ધાં એવાં વિદ્યા કેન્દ્રો છે, જે ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાને લઈને ઉઠનારા પ્રશ્નોને સમજવાનો પ્રયત્ન કરે છે. તેઓ ગુણવત્તાના નામે વિદેશી માપદંડોનું આંધળું અનુકરણ નથી કરતા. જ્યાં સુધી વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં પરિસર ખોલવાથી ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા અને સ્વસ્થ પ્રતિસ્પર્ધા વધવા, શોધ અને નવાચારને પ્રોત્સાહનની વાત કહેવામાં આવી રહી છે, તો હાલમાં જાહેર ક્વાક્વેરેલી સાઈમંડ્સની એશિયા યુનિવર્સિટી રેંકિંગ ૨૦૨૪ની યાદી જોવાથી જ સ્પષ્ટ છે કે ભારતના વિદ્યા કેન્દ્ર ગુણવત્તામાં કેટલા આગળ છે.

# યુવાનોમાં વધતા જતાં હાર્ટએટેક નું પ્રમાણ આપણને ચિંતન કરવા તરફ પ્રેરે છે, કે આ આપણી સંસ્કૃતિ છે?



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

પાંચ રાજ્યમાં ત્રીજી ડિસેમ્બરે ચૂંટણીના પરિણામો નહીં આવે ત્યાં સુધી એક્ઝિટ પોલના આંકડાઓ અનુસાર કયા રાજ્યમાં કયા પક્ષની જીતની સંભાવના છે એ વિશેના સમાચાર મુખ્યત્વે બધા છાપાઓમાં પ્રસારિત થતા રહે છે. ટોક્યોમાં રોબર્ટ એક્ઝિબિશન! ડિફેન્સ એક્ઝિબિશન કમિટીની મંજૂરી મળતા ઈન્ડિયન આર્મી વધુ મજબૂત બનશે, ૯૭ તેજસ વિમાન, ૧૫૬ પ્રચંડ લડાકુ હેલિકોપ્ટર માટે બે પોઈન્ટ ૨૩ લાખ કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે. જુલાઈ સપ્ટેમ્બરમાં જીડીપી ૭.૬ ટકા એટલે કે અર્થતંત્રનો વિકાસ દર્શાવે છે. ભારતમાં વાયુ પ્રદુષણનો હાહાકાર થઈ ગયો, અને વર્ષે ૨૦ લાખથી વધુ લોકોના મોત પ્રદૂષણને કારણે થઈ રહ્યાં હોવાનો સર્વે એજન્સીનો દાવો! આયુર્વેદિક સીરપ તરીકે વેચાતા મેઘાસવમાં મિથાઈલ આલ્કોહોલ હોવાથી પાંચનાં મોત, એક કેફી દ્રવ્ય તરીકે નશાખોરો ઉપયોગમાં લેતા હતા, એટલે કે આયુર્વેદિક સીરપના નામે વેપાર ચાલતો હતો, અને એને કારણે મોત થયા. અમેરિકામાં ખાલિસ્તાન વાદી આતંકવાદી ગુરુવતપંતસિહ પન્નુની હત્યાના કાવતરામાં ભારતના હાથનો મુદ્દો ઉઠ્યો, અને કેનેડા સામે આક્રમક ભારત, અમેરિકા સામે ઢીલું કેમ?? નિખિલ ગુપ્તાને ભારતીય અધિકારીએ આદેશ આપ્યાની વાત! ઋષિકેશની એઈમ્સનાં ડોકટરોનું નિવેદન કે ઉત્તર કાશીની ટનલમાંથી બહાર આવેલ ૪૧ કામદારો એકદમ સ્વસ્થ. સુપ્રીમના ન્યાયાધીશ ધનંજય ચંદ્રચુડ એ બંધારણીય દિવસ ઉજવતા કહ્યું કે, ચૂંટણી આવતા ફ્રોડના કેસ વધી જાય છે, અને કોર્ટ પણ રાજકીય પક્ષોનો હાથો બની જાય છે. ઈઝરાયલ હમસ યુદ્ધ વિરામ વચ્ચે જેરુસલેમમાં ત્રાસવાદી હુમલો અને ત્રણ ઈઝરાયેલી નાગરિકના મોત, પણ આ બધાં મહત્વના અને મોટા અક્ષર વાળા સમાચાર વચ્ચે એક નાના સમાચાર છે, એ ચિંતાજનક છે, કે જામનગરમાં જૈન ફરસાણના વેપારી રસિકભાઈ નો ૨૨ વર્ષનો પુત્ર સુમિત અચાનક ઢળી પડ્યો, અને હાર્ટએટેકથી એનું મૃત્યુ થયું! અને આ એક નહીં આપણે નવરાત્રિ વખતથી આવાં નાનાં મોટાં હાદસા વિશે સાંભળતાં આવીએ છીએ. બીજું હમણાં સોશિયલ મીડિયા પર વૈદ્યશ્રી મહેન્દ્રસિંહ સરવૈયાની સૂરતની એક શિબિરનો એક વિડીયો જોયો હતો, એમાં એમણે પણ આ જ મુદ્દે કહ્યું કે હમણાં જ એક ૨૨ વર્ષની કન્યાને પોતાના જ લગ્નના ચોથા ફેરા વખતે હાર્ટએટેક આવ્યો અને મૃત્યુ થયું! એમણે કહ્યું કે પહેલાં ભારતમાં કેન્સરના કેસ બહુ જ ઓછાં થતાં. તો બીપી ડાયાબિટીસ કોલેસ્ટ્રોલ અને હાર્ટ ડિસીઝ બહુ ઓછાં જોવા મળતા.પછી ૬૦ વર્ષે થોડા વર્ષો એ ૫૦, ૪૦ એ પહોંચ્યું, અને હવે તો ૨૫ વર્ષ સુધી આવી ગયું છે, અને એનું કારણ હાલના સમયમાં માનવી સતત કોઈ ને કોઈ સ્ટ્રેસથી ઘેરાયેલો રહે છે.

આ ઉપરાંત એમણે કહ્યું કે આપણા ખાનપાન બદલાઈ ગયા, અને એને કારણે આપણા વિચારો પણ બદલાઈ ગયાં. તદુપરાંત જેને પંચમ વેદ કહેવામાં આવ્યો છે એ આયુર્વેદમાં દરેકે દરેક રોગનો ઈલાજ છે પરંતુ આપણને આયુર્વેદિક દવા પર એટલી શ્રદ્ધા નથી. આપણે શરૂઆત આયુર્વેદથી કરીએ છીએ, પરંતુ પરેજી એટલી રાખી શકતા નથી, તેમ જ અન્ય કોઈ કારણસર લાંબા સમય સુધી રોગમાં કોઈ સકારાત્મક પરિણામ ન આવે, અથવા તો આપણે જેટલું ઈચ્છતા હોઈએ એટલું પરિણામ ન મળે, એટલે એ બધું ડૂચો છે! એમ કહી એને ફગવી અને એલોપેથીની દવાઓ લેવાનું શરૂ કરી દઈએ છીએ, જે જીવન પર્યંત લેવી પડતી હોય છે, અને જેની આડ અસર ને કારણે અન્ય રોગ થવાની શક્યતા રહે છે. તો મિત્રો નાની ઉંમરમાં હાર્ટ એટેક, ડાયાબિટીસ, બીપી, જેવા રોગ થવા, એ ખરેખર ચિંતાજનક છે. કારણ કે ભારતનું યુવાધન જો આ રીતે બરબાદ થઈ જશે, તો આપણું ભવિષ્ય અંધકારમય છે. ભારત દેશ પાસે અન્ય જેટલું આર્થિક ભંડોળ ભલે નથી, પણ ભારત પાસે મોટી સંખ્યામાં યુવાધન છે! અને એ પણ બુદ્ધિશાળી. આ યુવાધન એ વિશ્વના અન્ય દેશમાં વસવાટ કરીને સાબિત કર્યું છે કે,એ સુપર પાવર છે, એનો મુકાબલો કરવો એટલો આસાન નથી. પરંતુ જો આ યુવાધન જ આ રીતે પોતાના જીવનની કોઈ કિંમત કર્યા વગર આસાનીથી મૃત્યુને શરણ જતા રહે, તો પછી ભારતને પોતાનું ઉજ્જવળ ભવિષ્ય ક્યાંથી દેખાય? હમણાં કેબીસીમાં જુનિયરનો રાઉન્ડ હતો, એમાં આપણે સૌએ જોયું કે, બધા કેટલાં ઈન્ટેલિજન્ટ હતાં! એટલે યુવાનોને સાચું માર્ગદર્શન મળી રહે કે, પોતાને મળેલો આ જન્મ એ માત્ર મોજ શોખ માટે નથી, પરંતુ અન્ય કેટલાય દાયિત્વ એણે નિભાવવાના છે. વ્યક્તિગત થી શરૂ કરીને સામાજિક અને દેશ સુધી આ દાયિત્વ નિભાવી તેણે ભારતના ભવિષ્યને ઉજવળ બનાવવાનું છે. આજકાલ યુવાનોની માનસિકતા એવી થતી જાય છે કે, જીવનનો કોઈ ભરોસો નથી! એટલે ગમે તે ખાવું, પીવું, સુવું, અને હવે વધારામાં ગમે તે રીતે કે ગમે તે ભોગે કમાવું, એ જ જીવન મંત્ર કે લક્ષ્ય બની ગયું છે. યુવાનોમાં પરિવારો તૂટી જતા આર્થિક અને શારીરિક જવાબદારીઓ ઓછી થઈ ગઈ છે, એટલે એ રીતે સ્વતંત્રતાનો નશો, આ ઉપરાંત જો કોઈ ડિગ્રી હાંસલ કરી હોય, કે પછી ચતુરાઈથી છળ કપટ કરીને રૂપિયા કમાઈ લીધા હોય, તો એ સફળતાનો નશો, આ બંને ઉપરાંત વ્યસનનો નશો! એમ આપણા દેશની અમુલ્ય યુવાની બરબાદ થતી જાય છે. સમાજ અને સરકાર બંને આ માટે ચિંતિત છે, અને એટલે જ નવરાત્રી પર સરકારે ગાઈડલાઈન નક્કી કરી હતી કે ગરબાનું આયોજન કરનાર દરેકને ૧૦૮ તથા મેડિકલ સુવિધા સ્થળ પર હાજર રાખવી પડશે.. ઘણીવાર આપણને વિચાર આવે કે આ એ જ ભારતીય સમાજ છે કે જેણે, આપણને ઋષિ પરંપરા આપી? અને આપણી ઉંમરને ચાર મુખ્ય તબક્કામાં વહેંચી.

બાલ્યાવસ્થા,યુવાવસ્થા, પ્રોઢ અવસ્થા, અને વૃદ્ધાવસ્થા. આ ચાર અવસ્થા દરમિયાન એણે કંઇ રીતે જીવવું જોઈએ એ પણ સ્પષ્ટ કહ્યું, દરેક દરેક અવસ્થાનો એક મુખ્ય ગુણધર્મ બતાવ્યો, અને એ અનુસાર એનું એક મુખ્ય કર્તવ્ય કર્મ પણ બતાવ્યું! આ બધું જ પોતાના માતાપિતા દ્વારા પેઢી દર પેઢી એમ આગળ વધતું જાય, કે જેને આપણે સંસ્કાર એવું નામ આપ્યું! ટૂંકમાં આપણી સંસ્કૃતિની પ્રવાહી પરંપરા ને આમ સંસ્કાર દ્વારા આપણે આગળ ધપાવવાની હોય. હવે સંયુક્ત પરિવાર પ્રથા તૂટતી ગઈ! એટલે કે પછી અન્ય કારણોસર આ સંસ્કારની ગાડી આગળ ચાલી નહીં, અને એમ યુવાનો આપણી રુડી સંસ્કૃતિ વિસરતા જાય છે, અને એને પરિણામે આ દિવસ આવ્યો છે, કે જ્યારે હવે યુવાની પર ખતરો મંડરાઈ રહ્યો છે. માતાપિતા એ ક્યારેક લાડને નામે, તો ક્યારેક વધુ પડતી મહત્વાકાંક્ષા ને કારણે, કે સ્ટેટ્સ ને નામે, સંસ્કારની લગામ બરોબર ખેંચી નહીં! કે પછી આજકાલની પેઢી પોતાની સ્વતંત્રતા પર આંગળી ચીંધે નહીં! એટલે જે કરતાં હોય એ કરવા દીધું! પણ હજી સમય છે, નવેસરથી એકડો ઘૂંટીને આ જીવન પાટીમાં એવું ચિત્ર દોરીએ કે, જે માત્ર આપણને નહીં, અન્ય ને પણ એવું કરવા પ્રેરે! અને આમ યુવાનોમાં દરેક રીતે જાગૃતિ આવે! એટલે મારું જીવન માત્ર મારા કે વધીને મારા પરિવારના મોજ શોખ પુરા કરવા નથી! આ માતૃભૂમિ અને ભારત માતા માટે પણ મારું કંઈક દાયિત્વ છે! જે મારે નિભાવવાનું છે! બધાજ ભારતીય મારા ભાઈબહેન છે,જે વાક્ય પ્રાથમિક શાળામાં રોજ બોલતાં, એ પૂરું કરવાનો સમય આવી ગયો છે, એવું ભારતનો દરેક નાગરિક વિચારે કે, પોતાનું સ્વાસ્થ્ય માત્ર ભોગ માટે નથી! પણ સંસ્કૃતિના જતન માટે છે. જય હિન્દ.

# જગતએ વૃક્ષનાં પાંદડાં જેવું છે અને વૃક્ષનું મૂળ પરમાત્મા છે, એટલે જગતને રાજી રાખવાની વ્યર્થ ભાંજગડમાં પડશો નહીં



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



ગૃહસ્થાશ્રમનું વાતાવરણ એવું છે કે, વિષમતા કર્યા વગર ચાલતું નથી. જે એક આસને બેસીને રોજ ત્રણ કલાક ભાગવત સ્મરણ કરે તેને ભગવાન પાપ કરતાં અટકાવે છે. ભગવાન તમારી પાસે સંપત્તિ માગતા નથી, પણ સમય માગે છે. તેમને માટે સમય કાઢવો જોઈએ. પાપ કરતાં મનને ખટકો લાગે, તો સમજવું કે પ્રભુની પૂર્ણ કૃપા થઈ છે. પાપ ન કરો એ જ મહાન પુણ્ય છે. પાપની મા છે મમતા અને બાપ છે લોભ. તેનો ત્યાગ કરજો. પ્રભુસેવામાં જગત સેવા છે. પ્રભુસેવા વગર દેશસેવા પણ સફળ થશે નહીં.માટે રઘુ નાથની કૃપા મેળવવા હંમેશા પ્રયત્ન કરવો, કારણ આકાશમાં જેટલા તારા છે એટલા દુશ્મનો હશે તો પણ રામજીની કૃપાથી મારો વાળ વાંકો નહીં થાય. પરોપકારથી ઈશ્વર પ્રાપ્તિ થતી નથી.ઘણીવાર પરોપકાર ઈશ્વર પ્રાપ્તિમાં બાધક નીવડે છે. ભરત મુનિની જેમ.મનુષ્યના દુઃખનું કારણ તેનો સ્વભાવ છે.સ્વભાવને સુધારવો કઠણ છે. તીર્થ સ્થાનથી વિષ્ણુયોગ કરવાથી સ્વભાવ સુધરતો નથી. પણ પરમાત્માનાં ધ્યાન, જપથી સ્વભાવ સુધરે છે. પાપની આદત ભગવાનના નામના જપથી અને આખરે ભાગવત્ કૃપા થવાથી છૂટે છે. પ્રચેતાઓના ચરિત્રમાં ગૃહસ્થોને બોધ આપ્યો છે. ભગવાન કહે છે, ત્રણ કલાક તમે મારી પાછળઆપો તો બાકીના એકવીસ કલાક હું તમારું ધ્યાન રાખીશ. જે પુરુષો સમર્પણ બુદ્ધિથી કર્મો કરે છે અને જેઓનો સમય મારી કથા વાર્તાઓ કરવામાં પસાર થાય છે, તેઓ ગૃહસ્થાશ્રમ માં રહે તો પણ ઘર તેમને બંધનરૂપ થતું નથી. એનો અર્થ એ કે બાકીના ને ઘર બંધન રૂપ થાય છે. સંતતિ અને સંપત્તિ દરેકને પૂર્વના પ્રારબ્ધ કર્મ અનુસાર મળે છે, તેથી તેમાં મનુષ્યે હર્ષો કરવો નહીં. તેની ચિંતા છોડી ભાગવત ભજન માં લાગી જવું.મન શુદ્ધ થાય ત્યારે જાણજો કે, ઈશ્વરકૃપા થઈ. બાકી મનુષ્યવૃત્તિ એરણની ચોરી કરી સોય- દાન કરવાની હોય છે. એવી વૃત્તિ છોડવી જોઈએ અને માટી, પથ્થર અને સોનું સરખાં ગણવાની દૃષ્ટિ કેળવવી જોઈએ. રાંકા બાંકા જેવી અનાસક્તિ કેળવવી જોઈએ એક સમય રાંકા અને બાંકા નામના પતિ અને પત્ની રસ્તેથી પસાર થઈ રહ્યાં હતાં. રાંકા આગળ બાંકા તેની પાછળ. રસ્તામાં રાંકાએ સોનાનો હાર જોયો. તેને થયું કે આ બાંકાની દૃષ્ટિ આ સોનાનો હાર જોઈ બગડશે.

તેથી તેણે હાર ઉપર ધૂળ વાળવા માંડી. તેને તેમ કરતો જોઈ બાંકાએ કહ્યું, અરે, તમે ધૂળ ઉપર ધૂળ શું કરવા વાળો છો? એનો અર્થ એકે રાંકાના મન માં આ સોનું છે, આ ધૂળ છે, એવી ભાવના હતી.બાંકામાં ન હતી. તું મારા કરતાં વધી, તારો વૈરાગ્ય આવો બાંકો છે.કરેલા સત્કર્મને-પુણ્યને ભૂલી જાવ. પુણ્યનો અહંકાર સારો નથી આ અહંકાર ગયા વિના ચિત્તશુદ્ધિ શક્ય નથી. માટે પુણ્ય ભૂલી જાવ, પરંતુ કરેલાં પાપ યાદ રાખો. આ વિશે યયાતિ રાજાનું દૃષ્ટાંત છે. યયાતિ રાજા કરેલાં પુણ્યોને આધારે સદેહે સ્વર્ગમાં ગયા,ને ત્યાં ઈન્દ્રાસન ઉપર બેસવા ગયા. ઈન્દ્ર ગભરાયા. તે બૃહસ્પતિ પાસે દોડી ગયો. બૃહસ્પતિએ ઈન્દ્રને સલાહ આપી કે,તું યયાતિ રાજાને પૂછી જો કે, તેણે પૃથ્વી ઉપર કયાં કયાં પુણ્યો કર્યાં છે કે જેથી તેઓ ઈન્દ્રા સન ઉપર બેસવા માગે છે. જવાબમાં તે પોતાના પુણ્યોનું વર્ણન કરશે એટલે તેનાં પુણ્યોનો ક્ષય થશે. ઈન્દ્ર તે પ્રમાણે કર્યું. યયાતિએ પોતાનાં પુણ્યો સ્વમુખે ગાયાં. પુણ્યો આમ ગવાયાં, એટલે તેનો ક્ષય થયો અને તેનું સ્વર્ગમાંથી પતન થયું. માટે યાદ રાખજો, કરેલાં સત્કર્મો વિશે કોઈને કહેશો નહીં.ખરી મુદ્દાની વાત એ છે કે, વેદવેદાંગનું જ્ઞાન હોય અને શાસ્ત્રની બધી વિદ્યા મોઢે હોય, કવિત્વમય વાણીમાં સુંદર ગદ્ય અને પદ્ય કરવાની શક્તિ હોય, તેમ છતાં જો હરિ ચરણોમાં ચિત ન લાગેલું હોય તો આ બધું શા ખપનું છે?પ્રચેતાઓનેભગવાને લગ્ન કરવાની આજ્ઞા કરી. પ્રચેતા ઓ ઘરે ગયા. લગ્ન થયાં. એક એક પુત્ર થયા પછી ફરીથી પ્રચેતાઓ નારાયણ સરોવરના કિનારે આવ્યા તેઓએ નારદને કહ્યું,લુહસ્થાશ્રમના વિલાસી અને વિષમ વાતા વરણમાં અમે અમારું સર્વ જ્ઞાન ભૂલી ગયા છીએ, અમારું લક્ષ્ય પણ ભૂલી ગયા છીએ. અમને ફરી ઉપદેશ આપો.

જગતમાં કેટલાક તો તમે એમને માટે ઘણું કરશો તો પણ તમારું ખરાબ બોલવાના જ એટલે જગતને અને જગતના લોકોને સાંભળવાની કદી ઈચ્છા રાખશો નહીં, નહીં તો દુઃખી થશો.આ નિંદા પચાવી શકે તેમ નથી. સ્તુતિ પણ પચાવી શકે તેમ નથી. આખા જગતને કોઈ રાજી કરી શક્યું નથી, તેમ કરવું કઠણ છે. એક સમયે એક બાપ-દીકરો ઘોડાને લઈ જતા હતા. દીકરાએ કહ્યું કે, બાપા, તમે ઘોડા ઉપર બેસો,હું ચાલીશ. બાપ ઘોડા ઉપર બેઠો. આગળ જતાં રસ્તામાં કેટલાક માણસો મળ્યા. કહે, બાપ કેવો નિર્દય છે! નાનો છોકરો તાપ માં ચાલે છે અને પોતે ઘોડા ઉપર બેઠા છે. આ સાંભળી પિતા એ પુત્રને કહ્યું, બેટા, તું ઘોડા ઉપર બેસ, હવે હું ચાલીશ. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે,આ છોકરો નિર્લજ્જ છે! જુવાનજોધ થઈ પોતે ઘોડા ઉપર બેઠો છે અને પોતાના બુઢ્ઢા બાપ ને ચલાવે છે! આ સાંભળી પિતા-પુત્ર બંને ઘોડા ઉપર સાથે બેઠા. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા નિર્દય છે! બે પાડા જેવા આ બિચારા નાના ટટ્ટુ ઉપર ચડી બેઠા છે. હવે બાપ- દીકરો બંને ટટ્ટુ ઉપરથી નીચે ઊતરી ગયા.હવે તેઓ ઘોડા ને દોરીને લઈ જતા હતા. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા મૂર્ખ છે? સાથે ઘોડો છે, પણ ચાલતા જાય છે. એક બેઠો તોય નિંદા,બે બેઠા તોય નિંદા! જગતમાં કેવું વર્તન રાખવું તે જ સમજ પડતી નથી.ત્યારે પરમાત્મા ને પ્રસન્ન કરવા એટલું કઠણ નથી.

પરમાત્માને જે પ્રસન્ન કરી શકે તે જગતને પ્રસન્ન કરી શકે છે. કારણ ભગવાન જગતના ઉપાદાન કારણ છે. રામચંદ્રજી કુટિલ સાથે પણ સરળ વ્યવહાર કરે છે ત્યારે શ્રીકૃષ્ણ સરળ સાથે સરળ અને કુટિલ સાથે કુટિલ વ્યવહાર રાખે છે. આ છે બંને અવતારોનો તફાવત. જગતને પણ રાજી કરી શક્યા નથી તો મનુષ્ય શું રાજી થવાનો હતો? સમાજને રાજા સુધારી શકે નહીં. સમાજને સંત સુધારી શકે. માટે જગતને ખુશ કરવાની વૃત્તિ છોડી ઈશ્વરને ખુશ કરો, પ્રસન્ન કરો. પ્રભુને પ્રસન્ન કરવાના ત્રણ બાર્ગો નારદજીએ ચોથા સ્કંધમાં બતાવ્યા છે. સર્વ જીવો ઉપર દયા રાખવી, જે કાંઈ મળે તેનાથી સંતોષ માનવો અને ઈન્દ્રિયો ઉપર સંયમ કરવો. આથી ભગવાન તરત પ્રસન્ન થાય છે.આ ત્રણ ઉપાય જે કરે તેના ઉપર ભગવાન કૃપા કરે છે. ઝેર ખાવાથી જ મનુષ્ય મરે છે. તેનું ચિંતન કરવાથી કે ઝેર હાથમાં રાખવાથી મનુષ્ય મરતો નથી. ત્યારે વિષયો એવા છે કે,ન ભોગ વવા છતાં તેનું ચિંતન માત્ર કરવા થી પણ મનુષ્યો મરે છે.માટે વિષયી વિષથી પણ બૂરાં છે. એનો વિષવત્ ત્યાગ કરવો ઘટે. ધ્રુવનું દૃષ્ટાંત એ સ્પષ્ટ કરે છે કે, દેવો મંત્રાધીન છે. નામ સ્વતંત્ર છે. રૂપ સ્વતંત્ર છે.તેથી સંતો નામ સ્વ રૂપને વધુ મહત્ત્વ આપે છે.નામ હોય ત્યાં રૂપને પ્રત્યક્ષ થવું જ પડે છે.હજાર શિક્ષક જે જ્ઞાન નથી આપી શકતા તે જ્ઞાન માતા બાળક ને આપી શકે છે. સુનીતિ બાળકને તપ કરવા મોકલે છે. જ્યારે આજ ની માતા બાળકને રૂપિયા આપી સિનેમા જોવા મોકલે છે.બંનેને બાળક પર પ્રેમ છે, પણ સુનીતિનો પ્રેમ બાળકના અંતિમ કલ્યાણને નજરમાં રાખે છે,જ્યારે આજની માતા કેવળ પજવતો બંધ થાય એટલું જ ચાહે છે. જેને ભાઈમાં ભગવાન દેખાતા નથી એ ભગવાન ની ભક્તિ કદી કરી શકતા નથી, અને કરે તો એમાં પણ એ ઈશ્વરને છેતરે છે. ભિખારી ભીખ માગવા નથી આવતો પણ આપણને એ બોધ આપવા આવે છે.



# અરબાઝનુ તેનાથી ૨૦ વર્ષ નાની ગર્લફ્રેન્ડ જોર્જિયા એંડ્રિયાની સાથે બ્રેકઅપ થયું

। મુંબઈ, તા.૨ ।

બૉલિવુડ એક્ટર અને ડિરેક્ટર અરબાઝ ખાન અને તેની ગર્લફ્રેન્ડ મોડલ અને ડાન્સર જ્યૉર્જિયા એન્ડ્રિયાની વિશે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જ્યૉર્જિયા એન્ડ્રિયાનીએ હવે અરબાઝ ખાન સાથેના તેના સંબંધો અંગે મૌન તોડ્યું છે. એક ઈન્ટરવ્યુમાં જ્યૉર્જિયા એન્ડ્રિયાનીએ જણાવ્યું હતું કે અરબાઝ ખાને તેની પૂર્વ પત્ની મલાઈકા અરોરાના કારણે જ તેની સાથે બ્રેકઅપ કરી લીધુ છે. જ્યૉર્જિયાએ શેર કર્યું છે કે મલાઈકા અરોરા સાથે અરબાઝ ખાનના કંઈક ખાસ સંબંધ છે, કદાચ આના કારણે અભિનેતાએ તેની સાથે બ્રેકઅપ કરી લીધુ છે પરંતુ આ કોઈ મોટું કારણ નથી. જ્યૉર્જિયા એન્ડ્રિયાનીએ અરબાઝ ખાન સાથેના તેના સંબંધો વિશે જણાવ્યું - અત્યારે, અમે ઘણા સારા મિત્રો છીએ, અમે હંમેશા ખૂબ સારા મિત્રો રહીશું. પરંતુ એક સમય એવો હતો કે જ્યારે અમારી વચ્ચેનો સંબંધ મિત્રતા કરતા વધારે હતો. તેણે આગળ કહ્યું- અમે હંમેશા ખૂબ નજીક રહ્યા છીએ. હંમેશા ખૂબ સારા મિત્રો રહ્યા છે. સાથે મોજ-મસ્તી કરી હતી. મને લાગે છે કે આ પણ એક કારણ હતું કે મિત્રો બનવું મુશ્કેલ હતું. મને લાગે છે કે શરૂઆતથી જ અમે બંને જાણતા હતા કે તે કાયમ માટે નહીં રહે. પણ અમારામાંથી કોઈમાં એ સ્વીકારવાની હિંમત નહોતી. અરબાઝ ખાન અને મલાઈકા અરોરા વચ્ચેના સંબંધો વિશે વાત કરતા જ્યૉર્જિયાએ પિંકવિલાને કહ્યું - મલાઈકા અરોરાના કારણે અમારા બોન્ડ પર કોઈ અસર થઈ નથી. અરબાઝનો મલાઈકા સાથે જે સંબંધ હતો તે મારા સંબંધમાં આડે આવ્યો નથી. તે પહેલેથી જ સમાપ્ત થઈ ચૂક્યા હતા. દોઢ વર્ષ પહેલા તેમના સત્તાવાર રીતે છૂટાછેડા થયા હતા. જોકે, અરબાઝ હજુ પણ મલાઈકા સાથે ખાસ સંબંધ ધરાવે છે. જ્યૉર્જિયાએ કહ્યું- અરબાઝ અને મેં પરસ્પર સહમતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે. મને અરબાઝ માટે હંમેશા લાગણી રહેશે. તમને જણાવી દઈએ કે અરબાઝ ખાનના પહેલા લગ્ન અભિનેત્રી મલાઈકા અરોરા સાથે થયા હતા. મલાઈકા અરોરા આ દિવસોમાં બૉલિવુડ એક્ટર અર્જુન કપૂરને ડેટ કરી રહી છે. અરબાઝ અને મલાઈકા વર્ષ ૨૦૧૭માં અલગ થઈ ગયા હતા, ત્યારબાદ અરબાઝ ઘણીવાર મોડલ અને ડાન્સર જ્યૉર્જિયા એન્ડ્રિયાની સાથે અલગ-અલગ જગ્યાએ જોવા મળતા હતા. અરબાઝ ખાન અને તેની પૂર્વ પત્ની મલાઈકા અરોરા તેમના પુત્ર અરહાન ખાનનો સાથે મળીને ઉછેર કરી રહ્યા છે.

# રાની મુખર્જી અને કાજોલ એકબીજા સાથે વાત કરતાં નથી



। મુંબઈ, તા.૨ ।

રાની મુખર્જી અને કાજોલ વચ્ચે અણબનાવના સમાચાર ઘણા વર્ષોથી ચર્ચામાં છે. કરણ જોહરે કોફી વિથ કરણમાં તેની બંને લીડિંગ લેડીને ઈન્વાઈટ કર્યું છે. એવી પણ ચર્ચા હતી કે રાની મુખર્જી અને કાજોલ એક જ ઈન્ડસ્ટ્રીમાં હોવા છતાં તેમની કારકિર્દીના શરૂઆતના દિવસોમાં એકબીજા સાથે વાત કરતા ન હતા. રાનીએ જણાવ્યું કે તેમની વચ્ચેનું અંતર થોડા સમય પહેલા ખતમ થઈ ગયું હતું. રાની મુખર્જી અને કાજોલ લીડ લેડીઝ છે. બંનેએ તેમની પહેલી ફિલ્મ કુછ કુછ હોતા હૈમાં સાથે કામ કર્યું હતું. કભી ખુશી કભી ગમમાં પણ રાનીની ખાસ ભૂમિકા હતી. અગાઉ પણ એવી ચર્ચાઓ થઈ હતી કે રાની મુખર્જી અને કાજોલ વાત નથી કરતા. હવે કરણ જોહરે પણ તેના ચેટ શોમાં આ અંગે સવાલો પૂછ્યા હતા. કરણ જોહરે કહ્યું કે હેરાનની વાત છે કે તેઓ કેવા પરિવારના છે કે બંનેએ વાત કરી ન હતી. કાજોલે કહ્યું, એવું કંઈ નથી. આ અંતર ઓર્ગેનિક હતું. જ્યાં સુધી કામની વાત છે, અમે બંને જ્યાં છીએ ત્યાં ખુશ છીએ. રાની મુખર્જીએ કહ્યું કે કારણ કે હું તેને નાનપણથી ઓળખતી હતી અને મારા માટે તે કાજોલ દીદી હતી, તેથી તે થોડું અજીબ હતું. હું માનું છું કે જ્યારે તમે અલગ અલગ રીતે મોટા થશો ત્યારે તમને ખરેખર શા માટે ખબર નથી હોતી. કારણ કે તમે ઓછા મળો છો. તનિષા અને હું ખૂબ જ સંપર્કમાં હતા અને હજુ પણ છીએ. પરંતુ કાજોલ દીદી હંમેશા પરિવારના છોકરાઓની નજીક હતી. તેથી તે થોડું અજીબ હતું. રાનીએ કહ્યું કે કેવી રીતે ધીમે ધીમે તેની અને કાજોલ વચ્ચે મિત્રતા વધી. રાનીએ કહ્યું કે, અમારા બંનેના પિતાના અવસાન પછી આવું બન્યું હતું. રાનીએ આગળ કહ્યું કે આ સામાન્ય વાત છે. તે ત્યારે થાય છે જ્યારે તમે કુટુંબમાં કોઈ નજીકના વ્યક્તિને ગુમાવો છો.



# શું રણદીપ હુડ્ડાની પત્ની લીન લેશરામ પ્રેગનન્ટ છે?

। મુંબઈ, તા.૨ ।

સવાલો પર આધારિત રિયાલિટી શો કૌન બનેગા કરોડપતિ ૧૫ના હોસ્ટ અને મેગાસ્ટાર અમિતાભ બચ્ચન ૧૩ વર્ષના સ્પર્ધકનો બિઝનેસ આઈડિયા સાંભળીને૧ આશ્ચર્યચકિત થઈ ગયા હતાં. શો કૌન બનેગા કરોડપતિના એપિસોડ ૭૬ માં અમિતાભ બચ્ચને હૈદરાબાદના ધોરણ ૮ ના વિદ્યાર્થી નમિશ ચોપડાનું હોટ સીટ પર સ્વાગત કર્યું હતું. ચાલો જાણીએ કે અમિતાભ બચ્ચને શો દરમિયાન શા માટે કહ્યું કે ભારતનું ભવિષ્ય હવે ઉજ્જવળ છે. શોમાં નમિશનું રિપોર્ટ કાર્ડ વાંચતી વખતે અમિતાભે કહ્યું, તમે માત્ર ૧૩ વર્ષની ઉંમરે આવું વિચારો છો. જ્યારે હું ૧૩ વર્ષનો હતો ત્યારે હું મારા જૂતાની દોરી પણ બાંધી શકતો ન હતો. તમે તે કેવી રીતે



કર્યું? તમે કયો ધંધો કરવા માંગો છો?'' નાના છોકરાએ જવાબ આપ્યો, સર, મારો બિઝનેસ આઈડિયા જૂતાની કંપની ખોલવાનો છે. કંપનીનું નામ બૂટ એસ હશે. મારા માટે એશનો મતલબ એટલે મારી કંપની અથવા મારા વ્યવસાય માટે ૩ એડ્રેસેબલ માર્કેટ છે. કન્ટેસ્ટન્ટે આગળ કહ્યું, સૌપ્રથમ છે સશસ્ત્ર દળોપ ઘણા સૈનિકોને ભારે શૂઝ પહેરવાને કારણે પગ, ઘૂંટણ અને પીઠના દુખાવાની સમસ્યાનો સામનો કરવો પડે છે.

# જેન દીપિકા ગેરેટની સુંદરતાએ સમગ્ર વિશ્વમાં મચાવ્યો કહેર

## જેન આ પ્રખ્યાત સ્પર્ધામાં ભાગ લેનારી પ્રથમ પ્લસ સાઈઝ મોડલ હતી, તે મિસ નેપાળ પણ રહી ચૂકી છે



। મુંબઈ, તા.૨ ।

આ દિવસોમાં મિસ યુનિવર્સ ૨૦૨૩ પેજન્ટની ચર્ચા દરેક જગ્યાએ ચાલી રહી છે. જેન દીપિકા ગેરેટ નામની પ્લસ સાઈઝ મોડલ પણ આ સ્પર્ધામાં ભાગ લઈ ચૂકી છે. દર વખતે એવું જોવા મળે છે કે પાતળી, ઉંચી અને ખૂબ જ સુંદર મહિલાઓ સૌંદર્ય સ્પર્ધાઓમાં ભાગ લે છે. પરંતુ આ વખતે મિસ યુનિવર્સ ૨૦૨૩ સ્પર્ધામાં ટ્રાન્સજેન્ડરોએ પણ ભાગ લીધો હતો. જોકે, આ શોની વિજેતા નેપાળની પ્લસ સાઈઝ મોડલ જેન દીપિકા ગેરેટ હતી. તેણે મિસ યુનિવર્સમાં સ્પર્ધક બનીને ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું છે. જેન દીપિકા ગેરેટ મિસ યુનિવર્સ ૨૦૨૩માં પોતાના દેશ નેપાળનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તે મિસ નેપાળ રહી ચૂકી છે. જેન આ પ્રખ્યાત સ્પર્ધામાં ભાગ લેનારી પ્રથમ પ્લસ સાઈઝ મોડલ હતી. આ સાથે તેણે બોડી સાઈઝ, બોડી પોઝિટીવીટી અને અક્સેપ્ટબિલટી સંબંધિત તમામ સ્ટીરિયોટાઈપ્સને તોડી નાખ્યા છે. મિસ યુનિવર્સ ૨૦૨૩ ના મંચ પર પ્રેક્ષકોએ જેન દીપિકા ગેરેટનું જોરથી તાળીઓના ગડગડાટ સાથે સ્વાગત કર્યું. તેમનો આત્મવિશ્વાસ અને શૈલી જોવા લાયક હતી. જેન સોશિયલ મીડિયા પર દરેક જગ્યાએ છે. તેણે ડિઝાઈનર રુબિન સિંગર દ્વારા બનાવેલ સુંદર સ્વિમસૂટ પહેરીને રેમ્પ વોક કર્યું હતું. તેણે તેની બોડીને ફ્લોન્ટ કરી હતી. જેન દીપિકા ગેરેટ નેપાળની એક મોડલ છે. મોડેલિંગની સાથે તે નર્સ અને બિઝનેસ ડેવલપર તરીકે પણ કામ કરે છે.



# દીપક પોતાની પત્ની માનીને ૨૦ વર્ષ કોઈ બીજાની પત્ની સાથે રહેતો હતો

। મુંબઈ, તા.૨ ।

દીપક તિજોરી બોલિવૂડના લોકપ્રિય કલાકારોમાંથી એક છે. તેણે ઘણા સુપરસ્ટાર્સ સાથે બ્લોકબસ્ટર ફિલ્મોમાં કામ કર્યું. 'જો જીતા વોહી સિકંદર', 'આશિકી', 'ગુલામ' અને 'અંજામ' જેવી ફિલ્મોમાં કામ કર્યા પછી પણ અભિનેતાને તેની અપેક્ષા મુજબની પ્રસિદ્ધિ મળી શકી નથી. હીરો બનવાની ઈચ્છા સાથે બોલિવૂડમાં એન્ટ્રી કરનાર દીપક તિજોરી માત્ર પોતાની પ્રોફેશનલ જ નહીં પર્સનલ લાઈફને લઈને પણ ખૂબ જ ચર્ચામાં રહી છે. તેણે ખુદ પોતાની જીંદગી સાથે જોડાયેલા આવા કિસ્સાનો ખુલાસો કર્યો હતો, જેના વિશે જાણીને સૌ કોઈ ચોંકી ગયાં. આ કિસ્સો દીપકની પત્ની તોમર સાથે જોડાયેલી છે. દીપક તિજોરીએ શિવાની તોમર નામની ફેશન ડિઝાઈનર સાથે લગ્ન કર્યા હતાં. શિવાની તોમર સાથે લગ્નથી સમારા નામની એક દીકરી પણ છે. પરંતુ, તેઓની મેરિડ લાઈફ ખૂબ જ અશાંતિ વાળી રહી છે. વર્ષો બાદ દીપક તિજોરીને પોતાની પત્ની સાથે જોડાયેલી એક હકીકત વિશે જાણવા મળ્યું, જેને જાણીને તેમના પગ નીચેથી જમીન જ ખસી ગઈ. વર્ષ ૨૦૧૭ની છે. દીપક તિજોરીની પત્નીને તેના પર શંકા થઈ કે તેનું કોઈની સાથે અફેર ચાલી રહ્યું છે. શંકાના ચાલતા શિવાનીએ તેને ઘરમાંથી નીકાળી દીધું અને દીકરીથી પણ દૂર કરી દીધું. પત્નીના આ વ્યવહારથી પરેશાન દીપકે તેની સામે એક્શન લેવાનું નક્કી કર્યુ અને પોતાના વકીલ પાસે પહોંચી ગયો. તેણે શિવાની વિશે જાણકારી મેળવવાની શરુ કરી અને ત્યારે તેને એવી જાણકારી મળી જેને જાણીને સૌ કોઈ ચોંકી ગયા હતાં.



## ઓપનિંગ ડે પર કરી ૧૦૦ કરોડની કમાણી

# રણબીર કપૂરની ફિલ્મ એનિમલએ બોક્સ ઓફિસ પર મચાવી છે ધૂમ

। મુંબઈ, તા.૨ ।

રણબીર કપૂર અને બોબી દેઓલ સ્ટારર ફિલ્મ એનિમલનું ટીઝર જ્યારથી રીલીઝ થયું છે ત્યારથી જ આ ફિલ્મ ચર્ચાનો વિષય બની ગઈ છે. એવામાં પહેલા એડવાન્સ બુકિંગને લઈને અને હવે તેના ઓપનિંગ ડેના કલેક્શનને લઈને ફિલ્મ સમાચારમાં છે. હવે એ વાત તઓ નોંધનીય છે કે છેલ્લા થોડા સમયથી રણબીર કપ ૂરની ફિલ્મ બોક્સઓફિસ પર સારું પ્રદર્શન નહતી કરી રહી. એવામાં હવે ફિલ્મ એનિમલ સુપર હિટ જાય એવી ધારણા લગાવવામાં આવી રહી છે. રણબીર કપૂરની નવી ફિલ્મ એનિમલ મોટી ઓપનિંગ માટે તૈયાર છે. ટ્રેડ

## રણબીર કપૂર ઇચ્છે છે કે તેની ફિલ્મો નોન-હોલિડે રિલીઝ હોવા છતાં બોક્સ ઓફિસ પર સારી શરૂઆત કરે છે

એક્સપર્ટનું માનવું છે કે ફિલ્મ પહેલા વીકેન્ડમાં ઓછામાં ઓછી ૧૦૦ કરોડની કમાણી કરશે. સંદીપ રેડ્ડી વાંગા દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં રણબીર સાથે રશ્મિકા મંદાના પણ છે, આ સાથે જ ફિલ્મમાં અનિલ કપૂર રણબીરના ઓનસ્ક્રીન પિતાની ભૂમિકા ભજવી રહ્યો છે. ટ્રેડ એક્સપર્ટ અનુસાર ફિલ્મ એનિમલ ડોમેસ્ટિક બોક્સ ઓફિસ પર ઓપનિંગ ડે પર ૪૦ કરોડ રૂપિયાની કમાણી, તો વર્લ્ડ વાઈડ ૯૦-૧૦૦ કરોડનું ઓપનિંગ કરે એવી શક્યતા છે. સાથે જ ટ્રેડ એક્સપર્ટનું એમ પણ કહેવું છે કે 'જો લોકોના રિવ્યુ સારા રહ્યા તો શનિવારે ફિલ્મ ૪૫ કરોડની કમાણી કરી શકે છે અને આ વિકેન્ડ સુધીમાં ડોમેસ્ટિક બોક્સ ઓફિસમાં ૧૦૦ કરોડનો આંકડો પાર કરી શકે છે.' આગળ એમને કહ્યું કે, 'સેન્સરના છ પ્રમાણપત્ર, ફિલ્મની લાંબી અવધિ અને નોન-હોલિડે રિલીઝ હોવા છતાં, હું ફિલ્મ માટે એક શાનદાર શરૂઆતની અપેક્ષા રાખું છું. રણબીર કપૂર ઈચ્છે છે કે તેની ફિલ્મો નોન-હોલિડે રિલીઝ હોવા છતાં બોક્સ ઓફિસ પર સારી શરૂઆત કરે. એનિમલની વાર્તાની વાત કરીએ તો તેમાં એક પુત્ર અને પિતાની વાર્તા બતાવવામાં આવી છે. એક દીકરો તેના પિતા માટે કેટલી હદે જઈ શકે છે.



# નીના ગુપ્તાએ ફેમિનિઝમને ગણાવ્યું હતું ફાલતુ

। મુંબઈ, તા.૨ ।

દિગ્ગજ બોલિવુડ એક્ટ્રેસ નીના ગુપ્તા મોટાભાગે ચર્ચામાં બની રહે છે. નીના ગુપ્તા બોલિવુડની એ સિલેક્ટેડ એક્ટ્રેસમાંથી છે જે કોઈ પણ મુદ્દા પર બિંદાસ પોતાના મંતવ્યો મુકે છે. હાલમાં જ એક્ટ્રેસે એક ઈન્ટરવ્યૂમાં એક એવું નિવેદન આપ્યું જેના કારણે તે સોશિયલ મીડિયા પર છવાઈ ગઈ છે. આ નિવેદનના સામે આવ્યા બાદથી સોશિયલ મીડિયા પર ફેમિનિઝમ પર એક નવો વિવાદ ઉભો થયો છે. હકીકતે જ્યારે એક્ટ્રેસને ફેમિનિઝમ પર સવાલ કરવામાં આવ્યો તો તેના જવાબમાં તેમણે કહ્યું, મને લાગે છે કે લોકોને ફાલતુના નારીવાદ (ફેમિનિઝમ)ના ચક્કરોમાં ન પડવું જોઈએ. તેની જગ્યા પર મહિલાઓએ આર્થિક રીતે સ્વતંત્ર થવા પર પોતનું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને જો તમે હાઉસવાઈફ છો તો તમારે પોતાને નાનું ન સમજવું જોઈએ. તેમણે કહ્યું, ''મહિલાઓને પોતાનું આત્મ સન્માન વધારવું જોઈએ અને પોતાને બીજા કરતા ઓછુ ન સમજવું જોઈએ. આ મુખ્ય વાત છે અને રહી વાત બરાબરીની તો મહિલાઓ અને પુરૂષ બરાબર નથી. જે દિવસે પુરૂષ ગર્ભવતી થવા લગાશે, તે દિવસ આપણે બરાબર થઈ જઈશું.

### સંતરામપુર તાલુકાના સીમલિયા પ્રાથમિક શાળા ખાતેથી

# શિક્ષણ મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબે વિકસિત ભારત સંકલ્પ યાત્રા શુભારંભ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું





। ચંદ્રેશ જે. ભાવસાર સંતરામપુર, તા.૨ ।

આજ રોજ સંતરામપુર તાલુકાના સીમલિયા પ્રાથમિક શાળા ખાતેથી કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે વિકસિત ભારત સંકલ્પ યાત્રા શુભારંભ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ તા.૧૫ મી નવેમ્બર 'જનજાતીય ગૌરવ દિવસ' થી આરંભરાયેલી રથયાત્રા સરકારની તમામ જન કલ્યાણકારી યોજનાઓ ઘર-ઘર સુધી પહોંચાડીને વંચિત લાભાર્થીઓને આવરી લેતી સો ટકા લક્ષ્યાંક હાંસલ કરવાના નિર્ધાર સાથે આ યાત્રા ગામડાઓમાં ઠેર-ઠેર ભ્રમણ કરી રહી છે. ત્યારે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"નો જાગૃતિ સંદેશ અને લાભો ગ્રામીણ સુધી પ હોંચાડવા વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પ ટેલ, જિલ્લા કલેકટરશ્રી ભાવિનભાઈ પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ,તાલુકા વિકાસ અધિકારી શ્રી જેમિની બેન, મામલતદાર શ્રી,જિલ્લા મહામંત્રી શ્રી રવજીભાઈ પટેલ ,તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ,રથ ના ઈન્ચાર્જ શ્રી ભરતભાઈ પટેલ,યોગેશ ભાઈ માલીવાડ,એ પી એમ સી ચેરમેન શ્રી શાંતિલાલ પટેલ,પાર્ટીના વડીલ કાર્યકર્તા શ્રી દાનજી ભાઈ ભાભોર, તાલુકા મંડળ ના પ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલીયા, તાલુકા મહામંત્રી શ્રી છગનભાઈ માલ,તાલુકા પંચાયત સદસ્ય શ્રી શૈલેષભાઈ, ભંડારા સરપંચ શ્રી ભલાભાઈ, ઉખરેલી સરપંચ શ્રી દિનેશભાઈ, સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ઠંડીના કારણે અનેક રોગોનું જોખમ વધી જાય છે, આ ઋતુમાં કોલેસ્ટ્રોલ સખત થઈ જાય છે અને નસોમાં જમા થાય છે

# એકને 3 દિવસથી છાતીમાં થતો હતો દુખાવો, સુરતમાં વધુ બે વ્યક્તિને છાતીમાં દુઃખાવો થયા બાદ અચાનક મોત



। સુરત, તા.૨ ।

સુરત શહેરમાં વધુ બે વ્યક્તિને છાતીમાં દુઃખાવો થયા બાદ અચાનક મોત થયા છે. બંનેના મોત હાર્ટ એટેકના કારણે થયાની શકયતા છે. અમરોલીમાં આવેલા નવા હળપતિવાસમાં રહેતા ૨૪ વર્ષીય જયકુમાર સંતોષ પટેલનું હાર્ટ અટેકથી મોત થયું છે. મૃતક જય ને ત્રણેક દિવસથી છાતીમાં દુખાવો થતો હતો. એસીટીડી હોવાનું સમજીને જયકુમારે ઘરમાં જ દવા લીધી હતી. રાત્રે જમીને સૂઈ ગયા બાદ બીજા દિવસે ઊભો થયો ન હતો. પરિવારે ઊભો કર્યોપરંતુ તે નહીં જાગતા સારવાર માટે સ્મીમેર લઈ જવાયો હતો. જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. હજીરામાં ૪૨ વર્ષીય અશોકસિંહ ભગીરથસિંહનું હાર્ટ અટેકથી મોત થયું છે. મૃતક હજીરાના એક સ્ટેશનમાં સિક્યોરીટી ગાર્ડ હતા. ગુરુવારે બપ ોરે ૧ વાગ્યાના અરસામાં અશોકસિંહને છાતીમાં દુખાવો થવા લાગ્યો હતો. જેથી તેઓને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સાંજે મોત નિપ જ્યું હતું. બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. ઠંડીના કારણે અનેક રોગોનું જોખમ વધી જાય છે. આ ઋતુમાં કોલેસ્ટ્રોલ સખત થઈ જાય છે અને નસોમાં જમા થાય છે. જેના કારણે હાર્ટ એટેક અને સ્ટ્રોકનો ખતરો પણ વધી જાય છે. આવી સ્થિતિમાં ખરાબ કોલેસ્ટ્રોલ અને હાઈ બ્લડ પ્રેશરથી પીડિત દર્દીઓએ શિયાળામાં વધુ સાવધ રહેવાની જરૂર છે. આવા દર્દીઓ આ સિઝનમાં ૭ બાબતોનું ધ્યાન રાખીને પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી શકે છે. જો તમે સ્ટ્રોક અને હાર્ટ એટેકના જોખમોને ઘટાડવા માંગતા હો, તો બીપીને નિયંત્રણમાં રાખવું સૌથી મહત્વપૂર્ણ છે. ખોરાકમાં મીઠું ઓછું કરો અને ફળો, લીલા શાકભાજી અને સલાડનું પ્રમાણ વધારવું. નિયમિત કસરત કરવાનું ભૂલશો નહીં. ધૂમ્રપાન, આલ્કોહોલ, તમાકુનું સેવન સ્ટ્રોકનું જોખમ અનેકગણું વધારી શકે છે. આવી સ્થિતિમાં આલ્કોહોલ, સિગારેટ કે કોઈપણ નશીલા પ દાર્થનું સેવન ટાળો. એટલું જ નહીં, ઝડપી એનર્જી ડ્રિંક્સ અથવા સોડાથી પણ બચો. દિવસમાં માત્ર ૩૦ મિનિટ જ વર્કઆઉટ કરો. કોઈપણ પ્રકારની હાર્ડકોર કસરત ટાળો. મોર્નિંગ વોક અથવા સીડી ચડવા જેવી કસરતો સારી સાબિત થઈ શકે છે. સાયકલિંગ, જોગિંગ જેવી એરોબિક કસરતો પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે. લોહીમાં એલડીએલ કોલેસ્ટ્રોલનું સ્તર ઊંચું ન થવા દો. નહિંતર, તેઓ નસોમાં એકઠા થઈ શકે છે અને રક્ત પરિભ્રમણને વિક્ષેપિત કરી શકે છે. તેથી, કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવા માટે, તમે સવારે ખાલી પેટ કાચા લસણ અને મેથી ખાવાનું શરૂ કરી શકો છો. તમારું શરીર હવે કયા સ્તરે કામ કરી રહ્યું છે? તેમાં કોઈ સમસ્યા નથી. આ માટે ડોક્ટરની સલાહ પર તમારી શુગર, બ્લડપ્રેશર અને કોલેસ્ટ્રોલની તપાસ કરાવો. જો કોઈપણ પ્રકારની સમસ્યા દેખાય તો ડોક્ટરની સલાહ લો. જો તમને હૃદય રોગ છે અથવા સ્ટ્રોક જેવા જોખમોનો સામનો કરવો પડ્યો છે, તો શિયાળાની ઋતુમાં સવારે ઉઠવાની જરૂર નથી. જ્યારે તાપ માન સામાન્ય થઈ જાય ત્યારે જ પથારી છોડો.

# રાજપીપલાના વર્લ્ડ સેલિબ્રિટી પ્રિન્સ યુવરાજ માનવેન્દ્રસિંહ ગોહિલ એઇડ્ઝ રેલીમાં જોડાયા




। રાજપીપળા, તા.૨ ।

એચઆઈવી એઈડઝ પીડીતો અને સમલિંગીકો માટે દેશ અને વિશ્વભરમાં કામ કરનાર વર્લ્ડ સેલિબ્રિટી એવા રાજવી પરિવાર રાજપીપલાના પ્રિન્સ યુવરાજ માનવેન્દ્રસિંહ ગોહિલ કેજેઓ અમેરિકન સંસ્થા એઈડ્સ હેલ્થ કેર ફાઉન્ડેશનના બ્રાન્ડ એમ્બેસેડર છે.તેઓને આજે એઈડઝ દિવસે ખાસ આમંત્રણ મળતાં અમદાવાદ ખાતે આજે યુવરાજ માનવેન્દ્રસિંહ ખાસ રેલીમાં જોડાયા હતા યુવરાજ માનવેન્દ્રસિંહે તેમની સંસ્થા દ્વારા કોન્ડોમના સ્ટેચ્યુ સાથે રેલીમાં જોડી ૭૦૦૦થી વધુ કોન્ડોમનું વિતરણ કર્યું હતું. તેમજ ૪૦ફૂટ મોટા કોન્ડોમ ઉપર સહી ઝુંબેશ કરી એચઆઈવી એઈડઝ થી બચીએ એવા સંકલ્પ સાથે શપથ પણ લેવડાવ્યા હતાં. ગુજરાતી રેડ ક્રોસ સોસાયટી અને ગુજરાત સરકાર દ્વારા આયોજિત વિશ્વ એઈડઝ દિવસ ની ઉજવણીના ભાગ રૂપે જન જાગૃતિ રેલી નીકળી હતી જેમાંરાજ્ય સરકારના મન્ત્રી બચુભાઈ ખાબડ અને શિક્ષણ મંત્રી ડીંડોર સાથે બ્રાન્ડ એમ્બેસેડાર યુવરાજ માનવેન્દ્ર સિંહ ગોહિલ રેલીમાં ખાસ જોડાયા હતાં. તેમજ ૪૦ફૂટ મોટા કોન્ડોમ ઉપર સહી ઝુંબેશ કરી એચઆઈવી એઈડઝ થી બચીએ એવા સંકલ્પ સાથે શપથ પણ લેવડાવ્યા હતાં. ગુજરાતી રેડ ક્રોસ સોસાયટી અને ગુજરાત સરકાર દ્વારા આયોજિત વિશ્વ એઈડઝ દિવસ ની ઉજવણીના ભાગ રૂપે જન જાગૃતિ રેલી નીકળી હતી જેમાંરાજ્ય સરકારના મન્ત્રી બચુભાઈ ખાબડ અને શિક્ષણ મંત્રી ડીંડોર સાથે બ્રાન્ડ એમ્બેસેડાર યુવરાજ માનવેન્દ્ર સિંહ ગોહિલ રેલીમાં ખાસ જોડાયા હતાં.

# ઝાલોદ એકલ અભિયાન અભ્યુદય યુથ ક્લબ દ્વારા ખેલ પ્રતિયોગીતા વિવિધ રમતોમાં ભાગ લઈ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું



। પંકજ પંડિત ઝાલોદ, તા.૫ ।

એકલ અભિયાન અભ્યુદય યુથ ક્લબ દ્વારા ખેલ પ્રતિયોગીતામાં ભાગ લીધો હતો. જેમાં કબડ્ડી, દોડ ,ઉચી કુદ,લાબી કુદ , કુસ્તી તથા યોગ જેવી રમતો યોજાઈ હતી.

આ રમાયેલ વિવિધ રમતોમાં ગ્રામ્ય થી શરૂ કરી સંચ તથા અંચલ લેવલે પૂર્ણ કરીને વિજેતા ખેલાડીઓને ગુજરાત સંભાગ લેવલે તા.૨૯તથા૩૦ નવેમ્બરના રોજ શોનગઢ મુકામે સાર્વજનિક સ્કૂલના મેદાનમાં રાખેલ હતી. તેમાં કુલ નવ અંચલો માંથી ૪૦૦જેટલા ખેલાડીઓએ જુદી જુદી ૬ રમતોમાં ભાગ લીધો હતો. જેમાં દાહોદ અંચલની કબડીની ટીમ સંભાગ લેવલે વિજેતા થયેલ છે તથા દોડ તથા કુદમા પણ વિજેતા થયેલ છે. તો આપણા દાહોદ અંચલનુ ગૌરવ એવા બાળકો વિજય થતા ઉત્તર ગુજરાત ભાગ અભિયાન પ્રમુખ મતન કટારાને ભેટી પડ્યા હતા ત્યારે મતનભાઈ કટારાએ આવતા વર્ષ માટે વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે એ માટે વિનંતી કરી આશીર્વાદ આપ્યા હતા સાથે ગ્રામ સ્વરાજ મંચ પ્રમુખ શંકર નિનામાએ પણ બાળકને ઉત્શાહ વધારતા આવતા વર્ષે વધુને વધુ ખેલાડીઓ ભાગ લે એવા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ તાપી જિલ્લાના જિલ્લા સમાહરતા(જીલ્લા કલેકટર)સાહેબે ટ્રોફી તથા મેડલ આપી આશીર્વાદ આપ્યા એકલ અભિયાન પ રિવાર તરફથી પણ આશિર્વાદ મળ્યા હતા દાહોદ અંચલના ગૌરવ વધારતા એકલના ખેલાડીઓ ને એકલ પરિવાર દાહોદ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવેલ હતા.

# સંતરામપુર ખાતે નવી એમ્બ્યુલન્સને લીલી ઝંડી આપતા શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર



। સંતોષ જોશી બ્યૂરોઈન ચીફ સંતરામપુર, તા.૨ ।

સંતરામપુર ખાતે કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે ઉપસ્થિત રહી નવી એક એમ્બ્યુલન્સ ને લીલી ઝંડી આપી. આ નવી એમ્બ્યુલન્સ મળવાથી આજુબાજુના વિસ્તારના ગામલોકોની આરોગ્યની સુવિધામાં વધારો થશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી શ્રી રાવજીભાઈ પટેલ, તાલુકા મંડળ પ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલીયા,તાલુકા પંચાયત ના પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, તાલુકા મહામંત્રી શ્રી છગનભાઈ માલ,કડાણા તાલુકાના મહામંત્રી શ્રી કાળુભાઈ ડામોર,નગર પ્રમુખશ્રી સંદીપભાઈ ભોઈ પાર્ટીના, નગર મહામંત્રી શ્રી નીતિનભાઈ રાણા,વડીલ કાર્યકર્તા શ્રી દાનજીભાઈ ભાભોર, ઉખરેલી સરપંચ શ્રી દિનેશભાઈ,ભંડારા સરપંચ શ્રી ભલાભાઈ , સરપંચ, તાલુકા પંચાયત સદસ્ય શ્રી યોગેશ ભાઈ, એસ ટી ડેપો ના કર્મચારી ઓ, સફાઈ કામદારો, સહીત,મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર નવિન ખેડુત શેડ અને મુખ્ય ગેટ અને શોપકમ ગોડાઉનના બાંધકામનું ખાતમુર્હુત



। ઓમકારસિંહ ચૌહાણ સંતરામપુર, તા.૦૨ ।

સંતરામપુર ધી ખેતીવાડ ઉત્પન્ન બજાર સમિતિમાં કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે ઉપસ્થિત રહી નવિન ખેડુત શેડ અને મુખ્ય ગેટ અને શોપકમ ગોડાઉનના બાંધકામનું ખાતમુર્હુત કર્યું, આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ,જિલ્લા પ્રમુખ શ્રી દશરથભાઈ બારીયા, જિલ્લા ના પૂર્વ પ્રમુખ શ્રી જે પી પટેલ સાહેબ પૂર્વ ધારાસભ્ય શ્રી ડૉ ભમાત સાહેબ ,તાલુકા વિકાસ અધિકારી શ્રી જેમિની બેન, મામલતદાર શ્રી,જિલ્લા મહામંત્રી શ્રી રવજીભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, રથના ઈન્ચાર્જ શ્રી ભરતભાઈ પટેલ, યોગેશ ભાઈ માલીવાડ, એ પી એમ સી ચેરમેન શ્રી શાંતિલાલ પટેલ,પાર્ટીના વડીલ કાર્યકર્તા શ્રી દાનજી ભાઈ ભાભોર, તાલુકા મંડળ ના પ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલીયા, તાલુકા મહામંત્રી શ્રી છગનભાઈ માલ,તાલુકા પંચાયત સદસ્ય શ્રી શૈલેષભાઈ, ભંડારા સરપંચ શ્રી ભલાભાઈ, ઉખરેલી સરપંચ શ્રી દિનેશભાઈ, સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ બસસ્ટેશનમાં વર્લ્ડ એઇડ્સ ડે નિમિતે જન જાગૃતિ માટે પોસ્ટર પ્રદર્શન કરવામાં આવ્યું




। પંકજ પંડિત ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ નગરના બસસ્ટેશન વિસ્તારમાં તારીખ ૦૧-૧૨-૨૦૨૩ શુક્રવારના રોજ વર્લ્ડ એઈડ્સ ડે નિમિતે જન જાગૃતિ માટે એસ.ડી.એચ હોસ્પિટલ દ્વારા પોસ્ટર પ્રદર્શન કરવામાં આવ્યું હતું તેમજ સાથે સાથે એસ. ડી.એચ હોસ્પિટલમાં રંગોળી દોરી કેન્ડલ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું અને જન જાગૃતિ હેઠળ પ્રોગ્રામ યોજાયો હતો. એસ.ટી.આઈ એન્ડ આઈ.સી.ટી.સી કાઉન્સિલર ,વિહાન પ્રોજેક્ટ, લિંકવર્કસ પ્રોજેક્ટ કાર્યકરો હાજર રહ્યા હતા સાથે સાથે એસ.ડી.એચ હોસ્પિટલના અધીક્ષક મૅડમ, સ્ટાફ નર્સ તેમજ તમામ મેડિકલ ટીમે હાજરી આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. આ રાશિ ના વેપારીઓ ને આજે વેપાર માટે અણધારી મુસાફરી કરવી પડી શકે છે. આ મુસાફરી તમને માનસિક તાણ આપી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. મોટી વયના લોકો તથા પરિવારના સભ્યો તમને પ્રેમ અને સંભાળ આપશે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. કળા તથા રંગભૂમિ સાથે સંકળાયેલા લોકોને રચનાત્મક રીતે તેમનું શ્રેષ્ઠ આપવા માટે આજે અનેક નવી તકો મળશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે. બાકી રહી ગયેલા કાર્યોને જલ્દીથી ઉકેલવા રહ્યા અને તમ જાણો છો કે તમારે ક્યાંકથી તો શરૂઆત કરવી જ પડશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો.

# ૪૨ ટકા યુવાનો પોતાના લગ્નનું ફંડિંગ જાતે જ કરવા માગે છે

## વેડિંગ સ્પેન્ડ્સ રિપોર્ટ ૨.૦ નામથી ઇન્ડિયાલેન્ડ્સ દ્વારા એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો

। નવી દિલ્હી, તા.૨ ।

હાલ દેશમાં લગ્નની સીઝન ચાલી રહી છે. એવામાં માતા-પિતા તેમના બાળકોના લગ્નને લઈને ખુબ જ સજાગ હોય છે. તેઓ શરૂઆતથી જ બાળકોના લગ્ન માટે બચત કરવાનું શરુ કરી દે છે. ત્યારે એવામાં યુવાનોને લાગતો એક સર્વે સામે આવ્યો છે. જેમાં યુવક અને યુવતીઓ તેમના લગ્નના ખર્ચ જાતે ઉપાડવાનું પસંદ કરે છે. એક સર્વે અનુસાર ૪૨ ટકા યુવાનો પોતાના લગ્નનું ફંડિંગ પોતે જ કરવા માંગે છે. વેડિંગ સ્પેન્ડ્સ રિપોર્ટ ૨.૦ નામથી ઈન્ડિયાલેન્ડ્સ દ્વારા એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.




જે મુજબ ૪૨ ટકા યુવાનો પોતાના લગ્નનું ફંડિંગ માટે માતા-પિતા પર નિર્ભર નથી પરંતુ જાતે જ કરવા માંગે છે. જેટલા યુવાનોમાં આ સર્વે કરવામાં આવ્યો તેમાંથી ૪૨ ટકાએ જણાવ્યું હતું કે તેઓ પોતે જ લગ્નનું ફંડિંગ કરવા ઈચ્છે છે. માતા-પિતાને તેમની દીકરા લગ્નની ખુબ જ ચિંતા હોય છે. પરંતુ સર્વેમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે કે ૬૦ ટકા મહિલાઓ તેમના લગ્નનું ખર્ચ પોતે જ ઉપાડવા માંગે છે. જો કે આ બાબતમાં પુરુષોની સંખ્યા ૫૨ ટકા જ છે. જે યુવાનો પર આ સર્વે કરવામાં આવો તેમાંથી ૫૮.૮ ટકા યુવા વર્ગ સાદગીથી અને માત્ર નજીકના સંબંધીઓની હાજરીમાં લગ્ન કરવાનું પસંદ કરે છે. જે સ્પષ્ટ કરે છે કે આજનો યુવા વર્ગ તામજામવાળા લગ્ન કરતા એકદમ પારંપરિક અને સાદગી પૂર્વક લગ્ન કરવાનું પસંદ કરે છે. જ્યારે ૩૫.૩ ટકા યુવાનો ખુબ જ ધૂમધામથી લગ્ન કરવાનું પસંદ કરે છે. જ્યારે સર્વેમાં આ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે ૪૨.૧ ટકા વર-વધૂએ કહ્યું કે તેઓ પોતાની બચત માંથી લગ્ન કરવા ઈચ્છે છે. જ્યારે ૨૬.૩ ટકા વર-વધૂએ કહ્યું કે તેઓ લગ્ન કરવા માટે લોન લેશે. જે લોકો લોન લેશે તેમાંથી ૬૭.૭ ટકાએ કહ્યું કે તેઓ ૧-૫ લાખ રૂપિયા સુધીની લોન લેવાની યોજના બનાવી રહ્યા છે. જ્યારે ૨૭.૭ ટકા લોકોએ નક્કી કર્યું નથી કે તેઓ ફંડિંગ કેવી રીતે કરશે. જે લોકો વચ્ચે આ સર્વે કરવામાં આવ્યો હતો.

### બોર્ડર સિક્યુરિટી ફોર્સના અધિકારીએ માહિતી આપી

# ભારતે ૩૧૯ બાંગ્લાદેશી, ૧૧૨ રોહિંગ્યા સહિત ૭૧૬ ઘૂસણખોરોની ધરપકડ કરી

## ગયા વર્ષે કુલ ૩૬૯ નાગરિકો ઉત્તર-પૂર્વના રાજ્યો સાથેની આંતરરાષ્ટ્રીય સરહદને ગેરકાયદેસર રીતે પાર કરતા પકડાયા

। નવી દિલ્હી, તા.૨ ।

બીએસએફદ્વારા ત્રિપુરામાં ભારત-બાંગ્લાદેશ સરહદ નજીકથી અનેકવાર ઘૂસણખોરોને ઝડપ્યા છે ત્યારે ભારતે કુલ ૭૧૬ ઘૂસણખોરોની ધરપકડ કરી છે જેમાં ૧૧૨ રોહિંગ્યા અને ૩૧૯ બાંગ્લાદેશી સામેલ છે. આ માહિતી બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના એક અધિકારીએ આપી હતી. બોર્ડર સિક્યોરિટી ફોર્સે શુક્રવારે ૫૯મો સ્થાપના દિવસ ઉજવ્યો હતો. આ પ્રસંગે બીએસએફ ત્રિપુરા ફ્રન્ટિયર હેડક્વાર્ટરને સંબોધતા ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ આરકે સિંહે જણાવ્યું હતું કે ગયા વર્ષે કુલ ૩૬૯ નાગરિકો ઉત્તર-પૂર્વના રાજ્યો સાથેની આંતરરાષ્ટ્રીય સરહદને ગેરકાયદેસર રીતે પાર કરતા પકડાયા હતા, જેમાં ૧૫૦ બાંગ્લાદેશીઓ, ૧૬૦ ભારતીયો અને ૫૯ રોહિંગ્યાનો સામેલ હતા. તેમણે વધુમાં કહ્યું હતું કે વર્ષ ૨૦૨૩માં ઘૂસણખોરી કરતા કુલ ૭૧૬ લોકોની ધરપકડ કરી છે જેમાં ૩૧૯ બાંગ્લાદેશી, ૧૧૨ રોહિંગ્યા અને ૨૮૫ ભારતીયોનો સમાવેશ થાય છે. આ સાથે આ વર્ષે બીએસએફએ સરહદ નજીકથી ૨૩.૧૨ કરોડ રૂપિયાના માદક દ્રવ્યો પણ જપ્ત કર્યા છે. આરકે સિંહ અને બીએસએફ બોર્ડર ગાર્ડના બાંગ્લાદેશ સાથે સારા સંબંધો છે. આ વિસ્તારમાં શાંતિ જાળવવા માટે યોગ્ય સ્તરે નિયમિત વાટાઘાટો કરવામાં આવે છે. ભારતનું ઉત્તરપૂર્વીય રાજ્ય બાંગ્લાદેશ સાથે ૮૫૬ કિલોમીટર લાંબી સરહદ વહેંચે છે. ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા ૧ ડિસેમ્બર ૧૯૬૫ના રોજ આંતરરાષ્ટ્રીય સરહદ પર નજર રાખવા માટે બોર્ડર સિક્યુરિટી ફોર્સની સ્થાપના કરવામાં આવી હતી.

### નૌકાદળમાં મહિલાઓની વધતી ભૂમિકા

# આઈએનએસ ટ્રિંકટની કમાન મહિલા અધિકારી સંભાળશે

## નેવીના ઈતિહાસમાં આવું પ્રથમ વખત બનશે, ભારતીય નૌકાદળ ત્રણેય સેવાઓની એકતા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ

। નવી દિલ્હી, તા.૨ ।

ભારતીય નૌકાદળના વડા એડમિરલ આર. હરિ કુમારે કહ્યું કે નૌકાદળમાં મહિલાઓની ભૂમિકા ઝડપથી વધતી જઈ રહી છે. તમામ ભૂમિકાઓ અને તમામ હોદ્દાઓ પર મહિલાઓની નિમણૂક કરવામાં આવી રહી છે. મહિલા અગ્નિવીરોની સંખ્યા પણ એક હજારને વટાવી ગઈ છે. તેમણે કહ્યું કે એક મહિલા લેફ્ટનન્ટ કમાન્ડર ફાસ્ટ એટેક ક્રાફ્ટ આઈએનએસ ટ્રિંકટની કમાન સંભાળી શકે છે. નેવીના ઈતિહાસમાં આવું પ્રથમ વખત બનશે. એડમિરલ કુમારે નેવી ડે પહેલા પત્રકાર પરિષદમાં કહ્યું કે ભારતીય નૌકાદળ ત્રણેય સેવાઓની એકતા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે. તાજેતરમાં જ નૌકાદળના જહાજ પર પ્રથમ મહિલા કમાન્ડિંગ ઓફિસરની નિમણૂક કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે અમારા એકમો હિંદ મહાસાગર ક્ષેત્ર અને તેનાથી આગળ રાષ્ટ્રીય હિતોની સુરક્ષા માટે તૈનાત છે. નેવી ભવિષ્યમાં થનારા કોઈપણ યુદ્ધ માટે તૈયાર છે. એડમિરલ કુમારે ૧૦ પ્રાદેશિક ભાષાઓમાં નૌકાદળના ઈતિહાસના પુસ્તકોનું વિમોચન કર્યું. હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચીન, માલદીવ અને પાકિસ્તાનની ગતિવિધિઓ પર એડમિરલ કુમારે કહ્યું કે મહાસાગરોને એક સંયુક્ત વારસો માનવામાં આવે છે. મહાસાગરોનો ઉપયોગ કોઈપણ રાષ્ટ્રની કાયદેસરની આર્થિક પ્રવૃત્તિઓ માટે થઈ શકે છે. હિંદ મહાસાગરમાં સ્થાનિક નેવી પાવર તરીકે ત્યાં શું થઈ રહ્યું છે તેના પર નજર રાખી શકીએ છીએ. આપણા જહાજો, સબમરીન, એરક્રાફ્ટ ત્યાં તહેનાત કરાયા છે.

# તમિલનાડુના ઈડીના અધિકારી ૨૦ લાખની લાંચ લેતા ઝડપાયા

## ડીવીએસીએ ડીંડીગુલ-મદુરાઈ હાઈવે પર આઠ કિલોમીટર સુધી કારનો પીછો કર્યા પછી ઈડી અધિકારીની ધરપકડ કરી

। મદુરાઈ, તા.૨ ।

તમિલનાડુમાં એક સરકારી અધિકારી પાસેથી ૨૦ લાખ રૂપિયાની લાંચ લેતા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના એક વરિષ્ઠ અધિકારીની ધરપકડ કરવામાં આવી છે. આ અધિકારીની ઓળખ અંકિત તિવારી તરીકે થઈ છે.

તમિલનાડુના મદુરાઈમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)નો એક અધિકારી એક ડોક્ટર પાસેથી ૨૦ લાખ રૂપિયાની લાંચ લેતા રંગે હાથે ઝડપાઈ ગયો હતો. ડિરેક્ટોરેટ ઓફ વિજિલન્સ એન્ડ એન્ટી કરપ્શન (ડીવીએસી)એ ડીંડીગુલ-મદુરાઈ હાઈવે પર આઠ કિલોમીટર સુધી કારનો પીછો કર્યા પછી ઈડી અધિકારીની ધરપકડ કરી હતી. આ અધિકારીની ઓળખ અંકિત તિવારી તરીકે થઈ છે જેને ડીવીએસી ઓફિસમાંથી લઈ જઈને ડિંડીગુલમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને ૧૫ ડિસેમ્બર સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

આ અધિકારીની ધરપકડ બાદ ડિંડીગુલમાં તેના ઘર પર દરોડા પાડવામાં આવ્યા હતા. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આ કેસમાં મદુરાઈ અને ચેન્નઈના ઘણા ઈડી અધિકારીઓ સામેલ છે. તિવારી ઘણા લોકો પાસેથી બ્લેકમેલ કરીને કરોડો રૂપિયાની ઉચાપત કરતો હતો. આ ઉપરાંત તેણે આ લાંચની રકમ ઈડીના અન્ય અધિકારીઓમાં પણ વહેંચી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૬ બેચના અધિકારી તિવારી અગાઉ ગુજરાત અને મધ્યપ્રદેશમાં કામ કરી ચૂક્યા છે અને હાલમાં તેઓ મદુરાઈમાં પોસ્ટેડ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અંકિત તિવારીની લિંક્ડઈન પ્રોફાઈલ અનુસાર, તે ઈડી સાથે પાંચ વર્ષથી કરતા વધુ સમયથી કામ કરી રહ્યો છે. સેન્ટ્રલ એજન્સીમાં જોડાતા પહેલા, તેણે બિગ ૪ એકાઉન્ટિંગ ફર્મ્સમાંની એકમાં કામ કર્યું હતું.

### ન્યૂઝ બ્રિફ

## મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળમાં વરસાદની શક્યતા

। નવી દિલ્હી, તા.૨ ।

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ આજે પાંચ રાજ્યોમાં વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે. તેમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, મહારાષ્ટ્ર અને કર્ણાટકનો સમાવેશ થાય છે. અહેવાલ અનુસાર કેરળમાં પણ વરસાદની સંભાવના છે. આ સાથે હિમાલયના રાજ્યોમાં ભારે હિમવર્ષા થવાની સંભાવના છે. બીજી તરફ જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. લાહૌલ સ્પીતિમાં હિમવર્ષાને કારણે ઘણા રસ્તાઓ અને ટ્રાન્સફોર્મર ઠપ થઈ ગયા હતા. હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાંથી પસાર થતા ઘણા હાઈવે હિમવર્ષાને કારણે બંધ કરી દેવામાં આવ્યા હતા. હિમાચલના અનેક શહેરોમાં તાપ માન ૫ ડિગ્રી સુધી સરી ગયું હતું. આગામી ૨૪ કલાકમાં શિમલા, કુલ્લુ, મંડી, ચંબા, લાહૌલ સ્પીતિ, સિરમૌર, કિન્નૌરમાં હિમવર્ષા થવાની સંભાવના છે.

## ચોથી ટી૨૦માં ઓસ્ટ્રેલિયાને હરાવી ભારતનો શ્રેણી પર કબજો

। રાયપુર, તા.૨ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૫ ાંચ મેચની ટી૨૦ સીરિઝની ચોથી મેચ ગઈકાલે રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઈ હતી જેમાં ભારતનો ૨૦ રને વિજય થયો હતો. આ સાથે જ ભારતે સીરિઝ ૩-૧થી જીતી લીધી છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રાયપુરમાં રમાયેલી ચોથી ટી૨૦ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતે પ્રથમ બેટિંગ કરતા ૧૭૪ રન બનાવ્યા હતા, જેના જવાબમાં કાંગારૂ ટીમ ૧૫૪ રનમાં સમેટાઈ ગઈ હતી અને ભારતે આ મેચ ૨૦ રને જીતીને સીરિઝ પર કબજો કર્યો છે. ભારત તરફથી રિંકુ સિંહે સૌથી વધુ ૪૬ રન બનાવ્યા હતા જ્યારે યશસ્વી જયસ્વાલે ૩૭ રન અને જીતેશ શર્માએ ૩૫ રનનું યોગદાન આપ્યું હતું. ઓસ્ટ્રેલિયા તરફથી બેન ડાવરિસે ૩ અને તનવીર સંઘા-જેસન બેહરેનડોર્ફે બે-બે વિકેટ ઝડપી હતી. ભારતીય ટીમે છેલ્લી બે ઓવરમાં માત્ર ૧૩ રન જ બનાવી શકી અને ૫ ાંચ વિકેટ ગુમાવી દીધી હતી.

### વિશેષ

### રાજ્ય સરકારે સહકારી મંડળીની નોંધણી સરળ રીતે થાય એ માટે ઓનલાઈન પ્રકિયા શરૂ કરી -: મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

# આજના યુવાનોએ ભેગા મળીને સહકારી મંડળી શરૂ કરવી જોઈએ

## સહકારી ક્ષેત્રમાં રહેલી વિપુલ તકોનો ફાયદો આજના યુવાનોએ ઉઠાવવો જોઈએ







ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા 'રાજ્ય કક્ષાનો યુવા સહકારી સેમિનાર' આજે અમદાવાદ ખાતે યોજાયો હતો. સહકાર, લઘુ- સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ તેમજ નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ સેમિનારમાં સંબોધન કરતા કહ્યું કે, આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે અને આ મંત્રાલયની કમાન શ્રી અમિતભાઈ શાહને સોંપવામાં આવી છે. દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા માટે એક અલગ વહીવટી, કાનૂની અને નીતિગત માળખું પૂરું પાડવું, સહકારી સંસ્થાઓને પાયાના સ્થળ સુધી પહોંચતા લોકો આધારિત ચળવળ તરીકે સરકાર આપવા અને સહકાર માટે 'વેપારમાં સરળતા' અને ' સહકારથી સમૃદ્ધિ' એ મુખ્ય મંત્ર છે.

તેમણે વધુમાં કહ્યું કે, ગુજરાતમાં ચાલતી સહકારી પ્રવૃત્તિઓની દેશ અને દુનિયામાં નોંધ લેવાઈ રહી છે. સમગ્ર રાજ્યના ખૂણે ખૂણે કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિઓનો વ્યાપ વધતા લોકોના જીવન ધોરણમાં ઊંડીને આંખે વળગે તેઓ બદલાવ આવ્યો છે.

આ સેમિનારમાં ઉપસ્થિત યુવાઓને માર્ગદર્શન આપતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું કે, દેશની પાંચ ટ્રીલીયન ડોલર ઈકોનોમી સુધી પહોંચવામાં સરકારી ક્ષેત્રનું સૌથી મોટું યોગદાન રહેવાનું છે. સહકારી ક્ષેત્રમાં ખૂબ જ પ્રમાણમાં વિપુલ તકો રહેલી છે, જેનો ફાયદો આજના યુવાનોએ ઉઠાવવો જોઈએ. પાંચ, દસ કે પંદર જેટલા યુવાનોએ ભેગા મળીને સહકારી મંડળી શરૂ કરવી જોઈએ.

આ સંદર્ભમાં તેમણે વધુમાં કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે સહકારી મંડળીની નોંધણી સરળ રીતે થાય એ માટે ઓનલાઈન પ્રકિયા શરૂ કરી છે, જેના થકી ઓનલાઈન મંડળીઓ સરળતાથી નોંધાઈ શકે. આમ, યુવાનોએ જ સહકારી મંડળી શરૂ કરીને બીજા યુવાનોને મદદરૂપ થવું જોઈએ. આ અવસરે મંત્રીશ્રીએ યુવાનો સમક્ષ સંવાદ કરતા અનેક સહકારી મંડળીઓની પણ વાત કરી હતી જે આજે દેશ અને દુનિયામાં પ્રખ્યાત છે.

આ અવસરને સેમિનારના માર્ગદર્શક શ્રી ઘનશ્યામભાઈ અમિને કહ્યું કે, કોલેજના વિધાર્થીઓને અભ્યાસમાં સહકારી વિષય પર માર્ગદર્શન મળતું નથી ત્યારે આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા રાજ્ય કક્ષાનો યુવા સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં વિધાર્થીઓને સહકારી પ્રવૃતિ વિશે માહીતગાર કરવામાં આવ્યાં હતાં. તેમણે વધુમાં ઉમેર્યુ કે, આજે દેશના અર્થતંત્રને બુસ્ટ આપવામાં તેમજ દેશનાં અર્થતંત્રને ૫ ટ્રિલિયન ડોલર ઈકોનોમિ સુધી લઈ જવામાં સહકારી ક્ષેત્રનું મહત્વનું યોગદાન રહેવાનું છે. એટલું જ નહીં ભારત દેશમાં આવનારાં સમયમાં ૨ લાખ જેટલી સહકારી મંડળીઓ ઊભી કરીને અર્થતંત્રને વેગવંતુ બનાવવાનું છે. આમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સહકારથી સમૃધ્ધિનું સૂત્ર પણ સાકર કરવાનું છે.

શ્રી ઘનશ્યામભાઈ અમિને વધુમાં કહ્યું કે, આજે ભારત દેશમાં વિવિધ મંડળીઓ થકી ૪૦ કરોડથી વધુ સભાસદ છે. જ્યારે ગુજરાતમાં ૮૭૦૦૦ હજાર મંડળીઓ થકી ૧ કરોડ ૪૦ લાખ જેટલા સભાસદ સભ્યો છે. એટલું જ નહિ ૧૧૮ દેશોમાં સહકારી પ્રવૃતિઓ ચાલી રહી છે. આ સાથે વધુમાં વધુ યુવાનો આ સહકારી પ્રવૃતિમાં જોડાય તેવી અપિલ પણ તેમણે હતી.

આ અવસરે સહકારી ક્ષેત્રનું વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે અને વિદ્યાર્થીઓને ઉપયોગી એવી સહકારી ક્ષેત્રની તમામ બાબતોને સાંકળી લેતી બુકનું પણ મંત્રીશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી ડૉ. ભરતભાઈ જોશી, સિલ્વર ઓક કોલેજના વાઈસ પ્રેસિડેન્ટ જનકભાઈ ખાંડવાલા, વરિષ્ઠ પત્રકાર ડૉ. હરિભાઈ દેસાઈ તેમજ વિવિધ કોલેજના પ્રોફેસર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રહ્યા હતા. શ્રી ઘનશ્યામભાઈ અમિને વધુમાં કહ્યું કે, આજે ભારત દેશમાં વિવિધ મંડળીઓ થકી ૪૦ કરોડથી વધુ સભાસદ છે. જ્યારે ગુજરાતમાં ૮૭૦૦૦ હજાર મંડળીઓ થકી ૧ કરોડ ૪૦ લાખ જેટલા સભાસદ સભ્યો છે. એટલું જ નહિ ૧૧૮ દેશોમાં સહકારી પ્રવૃતિઓ ચાલી રહી છે. આ સાથે વધુમાં વધુ યુવાનો આ સહકારી પ્રવૃતિમાં જોડાય તેવી અપિલ પણ તેમણે હતી.

આ અવસરે સહકારી ક્ષેત્રનું વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે અને વિદ્યાર્થીઓને ઉપયોગી એવી સહકારી ક્ષેત્રની તમામ બાબતોને સાંકળી લેતી બુકનું પણ મંત્રીશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી ડૉ. ભરતભાઈ જોશી, સિલ્વર ઓક કોલેજના વાઈસ પ્રેસિડેન્ટ જનકભાઈ ખાંડવાલા, વરિષ્ઠ પત્રકાર ડૉ. હરિભાઈ દેસાઈ તેમજ વિવિધ કોલેજના પ્રોફેસર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ન્યૂઝ બ્રિફ

## વરસાદ બાદ બનાસકાંઠામાં પાક નુકસાની સર્વે શરૂ

। અમદાવાદ, તા.૨ ।

રાજ્યમાં ગયા અઠવાડિયે થયેલા માવઠાથી ઠેર ઠેર મોટા નુકસાનીના સમાચાર સામે આવ્યા હતા, રાજ્યના તમામ તાલુકાઓમાં માવઠાએ ભારે તબાહી મચાવી દીધી હતી. ઉત્તર ગુજરાતથી લઇને દક્ષિણ અને મધ્ય ગુજરાત, તથા સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાય વિસ્તારોમાં માવઠાથી રવિવાકને મોટુ નુકસાન પહોંચ્યુ હતુ, આ નુકસાની બાદ સરકારા સામે વિવિધ ખેડૂત સંગઠનો અને રાજકીય નેતાઓએ પાક નુકસાની માટે માંગ કરી હતી, જે પછી હવે સરકારે પાક નુકસાની સર્વેની કામગીરી શરૂ કરી છે, અત્યારે પાક નુકસાની સર્વે બનાસકાંઠામાં શરૂ થયો છે. ગુજરાતમાં માવઠાથી થયેલા નુકસાન અંગે હવે બનાસકાંઠા જિલ્લામાં સરકાર સર્વે કરાવી રહી છે, ભારતીય કિસાન સંઘની રજૂઆત બાદ બનાસકાંઠામાં સર્વેની કામગીરી શરૂ કરાઈ છે. ખાસ વાત છે કે, માવઠાથી જિલ્લામાં સૌથી વધુ અને મોટુ નુકસાન એરંડાના પાકને પહોંચ્યુ હતુ. અત્યારે જિલ્લાના પાલનપુર, કાંકરેજ, દિયોદર અને ભાભરમાં પાકા સર્વે શરૂ થયા છે. આની સાથે સાથે થરાદ, દાંતા, સૂઈગામમાં પણ ટીમો સાથે ગ્રામસેવકો અને તલાટી સર્વે કરશે. ખેતીવાડી અને બાગાયતી પાકોમાંસ્થાનિકગ્રામસેવકોઅને તલાટીઓ નુકસાનીનો તાગ મેળવશે.

## ભાવનગર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા MBBS ના વિદ્યાર્થીનું મોત નિપજ્યું

। ભાવનગર,તા.૦૨ ।

ભાવનગર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા સ્સ્સ્જી ના વિદ્યાર્થીનું મોત નિપજ્યું છે. જીગર ચૌધરી નામના સ્સ્સ્જી ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું મોત થતા કેમ્પસમાં ટેન્શનનો માહોલ છવાયો છે. મૂળ બનાસકાંઠાનો જીગર ચૌધરી ભાવનગર મેડિકલ કોલેજમાં સ્સ્સ્જી નો અભ્યાસ કરતો હતો. મેડિકલ કોલેજની હોસ્ટેલના રૂમ નંબર ૪૦૯ માં રહેતો વિદ્યાર્થી રાત્રે સુઈ ગયા બાદ સવારે ઉઠ્યો જ નહીં. જીગર ચૌધરી ને તેના સહાધ્યાયી મિત્રો સવારે ઉઠાડવા ગયા હતા પ રંતુ તે જાગ્યો જ નહીં. તેને તાત્કાલિક સિવિલ હોસ્પિ ટલ ખસેડવામાં આવતા તબીબોએ તેને મૃત જાહેર કર્યો. હાલ વિદ્યાર્થીને હાર્ટ એટેક આવ્યો હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે, પરંતુ સાચું કારણ તો પીએમ થયા બાદ બહાર આવશે. હાલના સમયમાં હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. કોરોનાકાળ બાદ યુવાનોમાં હૃદયરોગના હુમલાથી મોતના અનેક કિસ્સા પ્રકાશમાં આવતા રહ્યા છે. ત્યારે ભાવનગર મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીના મોત બાદ કેમ્પસમાં શોકનો અને ડરનો માહોલ ફેલાયો છે. પરંતુ સાચું કારણ તો પીએમ થયા બાદ બહાર આવશે. હાલના સમયમાં હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. કોરોનાકાળ બાદ યુવાનોમાં હૃદયરોગના હુમલાથી મોતના અનેક કિસ્સા પ્રકાશમાં આવતા રહ્યા છે. ત્યારે ભાવનગર મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીના મોત બાદ કેમ્પસમાં શોકનો અને ડરનો માહોલક્ષ ફેલાયો છે.

# મેક્સિકો બોર્ડર પરથી પકડાયેલાં કેટલાં લોકોને અમેરિકાએ હજુય જેલમાંથી નથી છોડ્યાં?

### મેક્સિકો બોર્ડર ક્રોસ કરનારા મોટાભાગના લોકોને અમેરિકામાં એન્ટ્રી અપાય છે, તેમને બોન્ડ પર રિલીઝ પણ કરી દેવાય છે

। અમદાવાદ, તા.૨ ।

જો બાઈડનના કાર્યકાળમાં અમેરિકામાં રેકોર્ડબ્રેક સંખ્યામાં માઈગ્રન્ટ્સનું આગમન થયું છે, જેમાં હજારો ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. ગુજરાતથી ગેરકાયદે રીતે અમેરિકા જવા નીકળનારા લોકોને એમ જ હોય છે કે તેઓ બે-ચાર મહિના તકલીફ વેઠીને ગમે તેમ કરી અમેરિકા પહોંચી જશે. જોકે, મેક્સિકો બોર્ડર ક્રોસ કરતી વખતે અમુક લોકો અમેરિકાની પોલીસના હાથે ઝડપ ાઈ જાય છે, તો અમુક લોકો છટકી જવામાં સફળ પણ રહે છે. જે લોકો પોલીસના હાથમાં આવ્યા વિના જ બોર્ડર ક્રોસ કરવામાં સફળ રહે છે તેવા લોકો અમેરિકા પહોંચ્યા બાદ એક રીતે અદ્રશ્ય જ થઈ જાય છે, પરંતુ અરેસ્ટ કરાયેલા લોકોને જેલમાં જવાનો પણ વારો આવે છે. બોર્ડર પર પકડાયેલા લોકો મોટાભાગે અમેરિકામાં શરણાગતિની અપ ીલ કરતા હોય છે, અને જો તેમનો ક્રેડિબલ ફિયર ઈન્ટરવ્યુ ક્લીયર થઈ જાય તો તેમને બોન્ડ પર છોડી દેવાય છે. પરંતુ, અમેરિકાના અધિકારીને જો શરણાગતિ માગનારા વ્યક્તિનો દાવો ખોટો કે પછી શંકાસ્પદ લાગે તો આવા વ્યક્તિને જેલમાં ઘણો લાંબો સમય વિતાવવો પડે છે, અને મોટાભાગના કેસમાં તેને અમુક મહિના જેલમાં રખાયા બાદ ડિપ ોર્ટ પણ કરી દેવાય છે. રિપોર્ટ અનુસાર, મે ૨૦૨૨થી લઈને સપ્ટેમ્બર ૨૦૨૩ના ગાળા દરમિયાન અમેરિકા-મેક્સિકો બોર્ડર ક્રોસ કરવાનો પ્રયાસ કરનારામાંથી ૧૮ લાખથી પણ વધારે માઈગ્રન્ટ્સને દેશમાં એન્ટ્રી આપવામાં આવી હતી અને મોટી સંખ્યામાં માઈગ્રન્ટ્સને બોર્ડર પરથી જ પ ાછા પણ મોકલવામાં આવ્યા હતા. જોકે, જે ૧૮ લાખ માઈગ્રન્ટ્સને અમેરિકામાં એન્ટ્રી મળી હતી તેમાંથી ૮૬,૮૧૫ લોકોને હજુય જેલમાંથી છોડવામાં આવ્યા નથી. જે લોકોને અમેરિકામાં જ રિલીઝ કરી દેવાયાં હતાં તેમનો આંકડો ૧૭ લાખથી પણ વધુ થાય છે, જેમાંથી ૧૫ લાખ જેટલા લોકો અમેરિકાના અલગ-અલગ રાજ્યોમાં ગયા હતા, જ્યારે બે લાખ ઈમિગ્રન્ટ્સ ન્યૂયોર્ક સ્ટેટ અને તેમાંય



મોટાભાગના ન્યૂયોર્ક સિટીમાં ગયા હતા. આ તમામ લોકો ક્રેડિબલ ફિયર ઈન્ટરવ્યુમાં પાસ થયા હતા, અને હાલ તેમનો ઈમિગ્રેશન કોર્ટ્સમાં અસાયલમનો કેસ ચાલી રહ્યો છે. અમેરિકાએ મેક્સિકો બોર્ડર પરથી પ કડાયેલા જે લોકોને જેલમાંથી નથી છોડ્યા તેમનો આંકડો ૮૬ હજાર જેટલો છે, શક્ય છે કે તેમાંથી ઘણા ગુજરાતીઓ પણ હશે. મેક્સિકો બોર્ડર પરથી પકડાતા ઘણા ગુજરાતીઓને જેલમાં એકાદ વર્ષ જેટલો સમય પણ કાઢવો પડે છે, અને અમેરિકાની જેલમાં રહી ચૂકેલા અમુક ગુજરાતીઓ પ ોતાનો અનુભવ ૈંદ્બદ્બૈખ્તિટ્ઠંર્ૈં સાથે શેર પણ કરી ચૂક્યા છે. અમેરિકા-મેક્સિકો બોર્ડર પરથી પકડાતા લોકોનો રેકોર્ડ રાખવાનું ૧૯૬૦થી શરૂ કરવામાં આવ્યું હતું, ત્યારથી કોઈપણ પ્રેસિડેન્ટના કાર્યકાળમાં ના આવ્યા હોય તેટલા માઈગ્રન્ટ્સ જો બાઈડનના શાસનકાળ દરમિયાન અમેરિકામાં આવ્યા છે. જોકે, અમેરિકાની ઈમિગ્રેશન સિસ્ટમને માઈગ્રન્ટ્સની વધતી જતી સંખ્યા અનુસાર અપડેટ કરવામાં નથી આવી, કે ના તો તેની સાથે સંકળાયેલા લોકોની સંખ્યા વધી છે. જેના કારણે હાલ અમેરિકાની ઈમિગ્રેશન કોર્ટ્સમાં ૨૦ લાખ જેટલા અસાયલમના કેસ પેન્ડિંગ પડ્યા છે. બાઈડનના કાર્યકાળ દરમિયાન ફેબ્રુઆરી ૨૦૨૧થી લઈને સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન મેક્સિકો બોર્ડર પરથી ૬૦ લાખ લોકોને પકડવામાં આવ્યા હતા, જેમાંથી ૧૭ લાખ લોકોને થોડા સમયમાં જ રિલીઝ કરી દેવાયા હતા, જ્યારે હજારો લોકોને માઈગ્રેશન ડિટેન્શન સેન્ટરમાં રખાયા હતા, અને કાયદાકીય કાર્યવાહી પૂરી થયા બાદ તેમને પણ અમેરિકામાં જ રિલીઝ કરી દેવાયા હતા. અમેરિકાના કાયદા અનુસાર, દેશમાં લીગલી કે ઈલીગલી પ્રવેશેલો કોઈપણ માઈગ્રન્ટ એક વર્ષની અંદર શરણાગતિની અપીલ કરી શકે છે. અમેરિકામાં છેલ્લા એક વર્ષમાં જ આઠ લાખ લોકોએ શરણાગતિ માટે અપીલ કરી હતી. જોકે, હાલ ૨૦ લાખથી પણ વધુ લોકોની અસાયલમ પિટિશન પેન્ડિંગ છે, જો તે રિજેક્ટ થાય તો તેમને અમેરિકા છોડવું પણ પડી શકે છે. પરંતુ ઈમિગ્રેશન કોર્ટ્સની હાલ એવી સ્થિતિ છે કે તેમાં માત્ર ૬૫૯ ઈમિગ્રેશન જજ અને ૮૦૦ અસાયલમ ઓફિસર્સ જ કાર્યરત છે.

**એમ.એસ. યૂનિવર્સિટીનો મોટો છબરડો । એક સત્ર પૂરું થયું છતાં પરીક્ષાના હજુ સુધી કોઈ ઠેકાણા નથી, જોકે કેટલીક ફેકલ્ટીએ પી.આર.એનના આધારે પરીક્ષા લીધી છે**

# ૫૦૦૦ વિદ્યાર્થીઓ ઇન્ટરનલ પરીક્ષાથી વંચિત, નંબર જનરેટ ના થયો

। વડોદરા, તા.૨ ।

ગુજરાતની જાણીતી યૂનિવર્સિટીમાંથી ફરી એકવાર મોટો છબરડો સામે આવ્યો છે. વડોદરાના એમ.એસ.યૂનિવર્સિટીમાં ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓનું ભાવિ અધ્ધરતાલ થયુ છે. હાલમાં જ મળી રહેલી માહિતી પ્રમાણે, વડોદરાની એમ.એસ.યૂનિવર્સિટી પ્રથમ સત્રના વિદ્યાર્થીઓ ઈન્ટરનલ પરીક્ષાથી વંચિત રહ્યાં છે, આ તમામ વિદ્યાર્થીઓનો સીટ નંબર જનરેટ ના થતાં પરીક્ષા આપવા મળી શકી નથી. વડોદરાની એમ.એસ.યૂનિવર્સિટીની



ફરી એકવાર વિવાદમાં આવી છે. ખરેખરમાં, યૂનિવર્સિટીના પ્રથમ સત્રના ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓની હજુ સુધી ઈન્ટરનલ પરીક્ષા લેવાઈ નથી. નવી એજ્યૂકેશન પૉલીસી અનુસાર પહેલા સીટ નંબર જનરેટ કરવો જરૂરી હોય છે, પરંતુ આ થઈ શક્યુ નથી, સીટ નંબર જનરેટ ના થઈ શકતા પ્રથમ વર્ષના ૫૦૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષાથી વંચિત રહ્યાં રહ્યાં છે, એક સત્ર પૂરું થયું છતાં પરીક્ષાના હજુ સુધી કોઈ ઠેકાણા નથી. જોકે કેટલીક ફેકલ્ટીએ પી.આર.એનના આધારે પરીક્ષા લીધી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં ચર્ચાયેલા મહત્વપૂર્ણ વિષયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પ ટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં હવેથી તમામ સરકારી યુનિવર્સિટીમાં એડમિશન માટે એક કોમન પોર્ટલ "ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ" કાર્યરત રહેશે. સરકારી યુનિવર્સિટીઓના તમામ અભ્યાસક્રમો, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને આવરી લેતી શરૂઆતથી અંત સુધીની એડમિશન પ્રક્રિયાને સંચાલિત કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા સરળ અને સુરક્ષિત એપ્લિકેશન વિકસાવવામાં આવી છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, ઓડીટ ટ્રેઈલ દ્વારા ડેટામાં કરવામાં આવતા તમામ સુધારાની સંપૂર્ણ જાળવણી આ પોર્ટલ મારફત કરી શકાશે. હાલમાં દરેક વિદ્યાર્થી સરેરાશ રૂ. ૫૦૦ ખર્ચીને અંદાજે પાંચ કોર્સમાં અરજી કરે છે, તેની જગ્યાએ હવે GCAS દ્વારા નજીવી ફી માં અમર્યાદિત યુનિવર્સિટી કે કોર્સમાં વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. વિદ્યાર્થીઓ માટે દરેક યુનિવર્સિટી અને કોર્સીસમાં પ્રવેશ મેળવવા માટેનો સમયગાળો પણ એક જ રહેશે.

# ૧૭૯ બોક્સ સાથેનો ૧૦ લાખનો આલ્કોહોલિક સીરપ જપ્ત કર્યો

### ૧૦,૧૫,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પોલીસે પાર્લર અને દુકાનના માલિકો સામે કાર્યવાહી હાથ ધરી હતી

। અમદાવાદ, તા.૨ ।

ગુજરાતમાં ફરી એકવાર શંકાસ્પદ સીરપનો જથ્થો મળી ાવ્યો છે, આ વખતે બનાસકાંઠા જિલ્લાના દિયોદરમાંથી મોટી માત્રામાં શંકાસ્પદ સીરપનો જથ્થો પોલીસ દ્વારા કબજે કરવામાં આવ્યો છે. દિયોદર પોલીસ પોતાની તપાસમાં હૉટલો અને આયુર્વેદિક દવાખાનામાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ, આ કાર્યવાહીમાં ૬૮૭૦ બૉટલો સહિત ૧૭૯ બૉક્સને જપ્ત કરવામાં આવ્યા છે, સાથે સાથે પાર્લર અને દુકાન માલિકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે, બનાસકાઠાં જિલ્લામાં ગઈકાલે દિયોદર પોલીસે મોટી કાર્યવાહી કરી હતી, દિયોદર પોલીસે અચાનક હાથ ધરેલી તપાસમાં શંકાસ્પદ સીરપનો મોટો જથ્થો હાથ લાગ્યો હતો, દિયોદર પોલીસે ૧૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધ્યો હતો. ખાસ વાત છે કે, દિયોદર પોલીસે દિયોદરમાં ૫૦થી વધારે દુકાનો સહિત પાર્લરો, હૉટલો અને આયુર્વેદિક દવાખાનામાં તપાસ હાથ ધરી હતી, આ તપાસમાં ગેરકાદેસર આયુર્વેદિક માદક સીરપ આલ્કોહૉલિકની ૬,૮૭૦ બૉટલો સહિત ૧૭૯ બૉક્સ મળી આવ્યા હતા, આ જથ્થાને પોલીસે કબજે લઈ લીધો હતો. અહીંથી ૧૦,૧૫,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પોલીસે પાર્લર અને દુકાનના માલિકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. ખેડા પંથકમાં આસાવ સીરપ પીવાથી થયેલા મોતની ઘટનામાં ત્રણ શંકાસ્પદ આરોપીમાં એક કિશોર સોઢા પણ છે. જે ભાજપના કોષાધ્યક્ષ હતા. જો કે સીરપકાંડના આરોપસર તેમને પદ પરથી પણ હવે દૂર કરાયા છે. જિલ્લા ભાજપે કિશોર સોઢાને કોષાધ્યક્ષના હોદ્દા પરથી દૂર કર્યા છે. ખેડા જિલ્લાના નડિયાદ તાલુકામાં આવેલા બિલોદરા ગામે શંકાસ્પદ સિરપ પીવાથી ૫ લોકોના મોત થયા હતા. મોતની ઘટના બાદ તપાસ કરતા સામે આવ્યું કે મૃતકોમાંથી ૩ લોકોએ આયુર્વેદિક સિરપ પીધુ હતુ. જેના લીધી તેઓના મોત નિપજ્યાં છે. મામલે પોલીસ એક્શન મોડમાં આવી છે અને આયુર્વેદિક કફ સિરપનું વેચાણ અને સપ્લાય કરનાર ૩ લોકોની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી છે. ખેડામાં સીરપ કાંડ બાદ રાજ્યની પોલીસ સફાળી જાગી હતી. રાજ્યના અનેક શહેરોમાં પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. મહેસાણામાંથી નશીલી સીરપનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ખેડામાં બનેલી ઘટના બાદ મહેસાણા જિલ્લા પોલીસ એકશન એક્શનમાં આવી હતી. એસ.ઓ.જી પોલીસની ટીમે બી ડિવિઝન પ ોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સીરપ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી હતી. ગુજરાત ડેરી નામના પાર્લરમાં થી નશીલી સીરપનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે ૨૩૧૩ બોટર સીરપનો જથ્થો જપ્ત કર્યો હતો જેની કિંમત ૩,૪૬,૯૫૦ રૂપિયા થાય છે. મહેસાણા પોલીસે વિવિધ પાર્લર પર દરોડા પાડી નશીલી સીરપનો જથ્થો જપ્ત કર્યો હતો. તે સિવાય સીરપ મામલે મોરબી તાલુકા પોલીસની કાર્યવાહી કરી હતી. મોરબીના પીપળી રોડ પર ઓમ કોમ્પલેક્ષમાં દરોડા પ ાડ્યા હતા.

**સ્ટોરેજ ટેન્કમાં બ્લાસ્ટ થતા ૨૭ કામદારો દાઝ્યા હતા જ્યારે ૭ કામદારો લાપતા થયા**

# એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની આગમાં સાત લોકોનાં મોત



। સુરત, તા.૦૨।

શહેરના સચિન GIDCમાં લાગેલી ભીષણ આગમાં ૭ લોકોના કરૂણ મોત નિપજ્યા છે. હજી એક વ્યક્તિ લાપતા છે. મંગળવારે મોડી રાતે GIDC વિસ્તારમાં આવેલી કેમિકલ બનાવતી એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીમાં મોડી રાત્રે બે વાગ્યાની આસપાસ ભયંકર આગ લાગી હતી. આગની ઘટનાના ૩૦ કલાક બાદ ૬ કામદારોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે.

આગ લાગી તે સમયે મોટી સંખ્યામાં કામદારો કંપનીમાં કામ કરતા હતા. સ્ટોરેજ ટેક્રમાં બ્લાસ્ટ થતા ૨૭ કામદારો દાઝ્યા હતા જ્યારે ૭ કામદારો લાપતા થયા હતા. એકતરફ આગ બુઝાવવાની કામગીરી ચાલી રહી હતી તો બીજીતરફ લાપતા કામદારોને શોધવા NDRF, FSL તથા પોલીસની ટીમ દ્વારા સર્ચની કામગીરી ચાલી રહી હતી. સુરતમાં મંગળવારે રાતે બે વાગ્યાની આસપાસ સચિનની એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીમાં ભીષણ આગ લાગી હતી. જેમાં થોડા જ કલાકોમાં સતત પાણીનો મારો કરાયા બાદ આગને કાબુમાં લેવામાં આવી હતી. આ દુર્ઘટનામાં બુધવારે કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા ન હતા. પરંતુ સાત લોકો ગુમ થયાનું જાણવા મળ્યુ હતુ. આ દુર્ઘટનામાં ૨૭ કામદારો દાઝ્યા હતા. જેમાંથી ત્રણ લોકોની હાલત ગંભીર હોવાથી તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે બુધવારે ફાયર ઓફિસર ઓમપ્રકાશ મિશ્રાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ઘટના મોડી રાતે બે વાગ્યાની આસપાસ લાગી હતી. કોલ મળતા જ માન દરવાજા, મજુરા, ભેસ્તાન સહિતના ઘણા વિસ્તારની ફાયર ફાઈટર ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. આગ બેકાબુ બની બહાર નીકળી રહી હતી. કેમિકલ કંપનીને કારણે આગ ઉગ્ર બની રહી હતી. જેથી પાણીનો મારો સતત ચલાવતા ચલાવતા ફાયર ફાઈટરોએ કંપનીની અંદર પ્રવેશ કર્યો હતો.

## વ્યાજખોરના ત્રાસથી વધુ એક વ્યક્તિએ ગુમાવી જિંદગી

। ભાવનગર, તા.૨ ।

ભાવનગર શહેરમાં વ્યાજખોરના ત્રાસથી વધુ એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે.શહેરના ઘોઘા રોડ કૈલાસ સોસાયટીમાં રહેતા મનસુખભાઈ બારૈયા નામના વ્યક્તિએ વ્યાજ ખોરના ત્રાસથી એસિડ ગટગટાવીને જીવન ટૂંકાવ્યું. ૪ વર્ષ પહેલા ૨ લાખ ૮૦ હજાર રૂપિયા વ્યાજ પેટે લીધા હતા, જે રકમની ૧૧ લાખ રૂપિયાની માંગ સાથે વ્યાજખોરે જમીન પણ પચાવી પાડી હોવાની ફરિયાદ કરી હતી. ઘટના બાદ લઈ હોઈદડ ગામના વ્યાજખોર પિતા અને પુત્ર સામત ભાઈ ખરગસીયા અને જેયશ ખરગસીયા વિરુદ્ધ પોલીસે તપાસ હાથ ધરી છે. ભાવનગરમાં કાયદાના ડર વગર બેફામ રીતે વ્યાજખોરો પઠાણી વસૂલી કરતા હોય તેવા કિસ્સા છાશવારે બની રહ્યાં છે. ખરગસીયા અને જેયશ ખરગસીયા વિરુદ્ધ પોલીસે તપાસ હાથ ધરી છે. ભાવનગરમાં કાયદાના ડર વગર બેફામ રીતે વ્યાજખોરો પઠાણી વસૂલી કરતા હોય તેવા કિસ્સા છાશવારે બની રહ્યાં છે.

**ધંધામાં પાર્ટનરની પણ આપી હતી લાલચ**

# સ્પા માલિક સામે મારપીટ બાદ યુવતિએ નોંધાવી દુષ્કર્મની ફરિયાદ

। સુરત, તા.૨ ।

ડાયમંડ નગરી સુરતમાં થોડા સમય પહેલા સ્પા સેન્ટરના સંચાલક દ્વારા મહિલા કર્મચારીને માર માર્યાનો વીડિયો સામે આવ્યો હતો. આ મામલે યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. સ્પા માલિક પિયુષ ગાંધીએ યુવતિને લગ્નની લાલચ આપી તેની સાથે સંબંધ બાંધ્યા હતા ઉપરાંત ધંધામાં પાર્ટનર બનાવવાની પણ લાલચ આપી હતી. હાલ સમગ્ર મામલે પાલ પોલીસે આરોપી પિયુષ ગાંધીની ધરપ કડ માટે ચક્રો ગતિમાંન કર્યા હતા. સુરતના પાલ વિસ્તારમાં એક સ્પા સેન્ટરમાં મહિલા કર્મચારી કામ કરતી હતી, પ રંતુ તેણે કામ છોડી દીધા બાદ સ્પા સેન્ટરના માલિક પાસે તેનો બાકી નીકળતો પગાર માંગવા ગઈ હતી, આ સમયે મહિલા અને સ્પા સંચાલક વચ્ચે બોલાચાલી થઈ તે સમયે મહિલા પર હાથ ઉગામ્યો, જેનો વીડિયો વાયરલ થયો હતો. પોલીસે મહિલાની ફરિયાદના આધારે સ્પા સંચાલક સામે ફરિયાદ નોંધી તેની ધરપકડ કરી છે. વિગતે ઘટનાની વાત કરીએ તો, સુરતના પાલ વિસ્તારમાં ભાગ્યરત્ન શોપિંગ સેન્ટરમાં ચાલતા પીપલ્સ વેલનેસ સ્પા સેન્ટરમાં બે દિવસ પહેલા એક મહિલા કર્મચારી તેના બાકીનો પગાર લેવા ગઈ હતી.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨